શ્રી ગણેશાય નમઃ

શ્રી હાટકેશામ્બિકાભ્યામ નમઃ

શ્રી વડનગરા નાગર મંડળ - મુંબઈનું મુખપત્ર

# નાગર મંજૂષા

*आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः*

(અમને સર્વ દિશાઓથી ઉત્તમ વિચારો પ્રાપ્ત થાઓ.)

એપ્રિલ ૨૦૧૭



For private circulation only

‘નાગર મંજૂષા’ પ્રગટ કરવા થતા ખર્ચને પહોંચી વળવા સ્થાનસમર્પણ યોજના શરુ કરવાનું વિચાર્યું છે. સ્વજનની સ્મૃતિ કાયમ રાખવા, મિત્ર કે કુટુંબીજનને જન્મદિવસ/લગ્નદિવસની શુભેચ્છા પાઠવવા તેમજ કોઈ સિદ્ધી સફળતા મેળવવા બદલનો હરખ વ્યક્ત કરવા પાનાની નીચેના હિસ્સામાં નોંધ મૂકાશે. ઉપરના ભાગમાં જીવનને સુરભિત કરી દે એવાં વિચાર-મોતીઓ, ગદ્યખંડ કે કાવ્યપંક્તિ મૂકાશે. વડનગરા નાગર સમાજની કલા, સાહિત્ય અને સંસ્કારપ્રીતિનું પ્રતિબિંબ એમાં ઝિલાશે. એ માટે અનુદાન નીચે મુજબ રહેશે.

બીજું કવર પેજ (રંગીન) રૂા. ૪૦૦૦
ત્રીજું કવર પેજ (રંગીન) રૂા. ૪૦૦૦
છેલ્લું કવર પેજ (રંગીન) રૂા. ૫૦૦૦
અંદરના પાના (બ્લેક એન્ડ વ્હાઇટ) રૂા. ૩૦૦૦

યોજનાનો લાભ લેવા તંત્રીઓ શ્રીમતી દીના વછરાજાની અને શ્રીમતી સુહાની દીક્ષિતનો સંપર્ક કરવો.

રજી. ઓ. : એ/૫૮, મણિનાગર નિવાસ, પન્નાલાલ ટેરેસીસ,
ગ્રાન્ટ રોડ (પૂર્વ), મુંબઇ - ૪૦૦૦૦૭
website : www.shrivadnagaranagar.org

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧) | તંત્રીસ્થાનેથી | દીના વછરાજાની / સુહાની દીક્ષિત | ૧ |
| ૨) | જીવનપથ (નિયમિત કટાર) | ડૉ. ભદ્રાયુ વછરાજાની | ૨ |
| ૩) | પ્રાચીન મંદિરોની શોભાવૃદ્ધિ | નરેશ અંતાણી | ૩ |
| ૪) | સ્વામી સંસ્મરણો | ડૉ. વિપુલ યાજ્ઞિક | ૫ |
| ૫) | દૃષ્ટિભેદ | જસમીન દેસાઈ | ૯ |
| ૬) | સંધ્યાકાળનો સૂર્યોદય | નિખિલ દેસાઈ | ૧૧ |
| ૭) | ઉદ્વેગ | અચલા વોરા | ૧૭ |
| ૮) | આનંદ રસ | હયાતી વોરા | ૧૯ |
| ૯) | સંવેદનાની શોધ | કૌસુમી નાણાવટી | ૨૧ |
| ૧૦) | ''હાઉ ઈઝ ધેટ!'' | ઋત્વાંગ વૈદ્ય | ૨૪ |
| ૧૧) | વેળાસ | તુમુલ બુચ | ૨૬ |
| ૧૨) | આપણું ઘડપણ | ડૉ. સુબોધ નાણાવટી | ૩૨ |
| ૧૩) | સંતાકૂકડી | વિજયકુમાર નાગર 'નાકામ' | ૩૫ |



## ટીમ નાગરમંજૂષા

દીના વછરાજાની, નેહા યાજ્ઞિક, ભદ્રાયુ વૈષ્ણવ તથા સુહાની દીક્ષિત

## વિશેષ આમંત્રિત

ડૉ. ભદ્રાયુ વછરાજાની

## આભાર

રેખા અવાશિયા

# તંત્રી સ્થાનેથી

જય હાટકેશ !

'નાગરમંજૂષા'નો આ અંક આપના હાથમાં આવશે ત્યારે હશે વૅકેશન... વિદ્યાર્થીઓ, વાલીઓ અને અન્ય પરિજનો આ રજાની કાગડોળે રાહ જોતા હોય છે. માનો છો ને? કંઈ કેટલાંય આયોજનો થવા લાગે છે – દરેક જણ પોતપોતાની પસંદ અને અનુકૂળતા મુજબ મળેલા સમયનો સદુપયોગ કરવા તત્પર હોય છે. વૅકેશન એટલે મામાનું ઘર, દાદા-દાદી, નાના-નાનીનું ઘર - મોજમસ્તી, પર્યટન અને ઉજવણીનો સમય... આનંદ લૂંટવાનો અવસર એટલે જ વૅકેશન. કેટલું સારું હોત અગર આપણે મોટાઓને પણ જીવનની જંજાળમાંથી થોડા સમયનું વૅકેશન મળતું હોત! તો દરેક મનુષ્યનું જીવન નંદનવન બની જાય એમાં બેમત નથી. પોતાને મનગમતી પ્રવૃત્તિ માટે સમય ફાળવવો એ જ આપણું વૅકેશન...અધૂરા રહેલા શોખ અને સેવેલાં સપનાં સાકાર કરવા એ જ વૅકેશન. ચિંતા-પરેશાનીને છુટ્ટી આપી બેફિકરા થઈ રહેવાનો સમય એ જ આપણું વૅકેશન અને ટૂંકમાં જ પતાવું તો નિજાનંદ માટે કરેલી દરેક પ્રવૃત્તિ એ જ આપણે વૅકેશન ગણવું જોઈએ. આ વૅકેશન ભલે લાંબું હોય કે ટુંકું એને ભરપૂર માણી લેવું એ જ એકમેવ ધ્યેય હોવો જોઈએ. 'સ્વ'ની સાથે પરિચય કેળવવા ઈશ્વરે આપેલા સમય એવા વૅકેશનને લોકો કદાચ એટલે જ હૃદયપૂર્વક વધાવતા હોય છે.

આપ સહુ સ્વજનોને પણ હેપ્પી વૅકેશન....

અને હા, આપ સહુએ વૅકેશનમાં શું નવું કર્યું એનો અનુભવ અમારી સાથે શૅર કરવાનું રખે ચૂકતા.

**દીના વછરાજાની, સુહાની દિક્ષીત**

---

**વાચકોને...**

શું આપ નાગર મંજૂષામાં પોતાની કૃતિ/લેખ/રચના મોકલવા ઇચ્છો છો? તો...

૧. જ્ઞાતિબંધુઓને નમ્ર વિનંતી કે પોતાની કૃતિ સુઘડ અને સુવાચ્ય અક્ષરોમાં કોરા કાગળની એક બાજુએ લખી મોકલવી.

૨. કૃતિ મોકલનારે પોતાનું નામ, સરનામું, ઉંમર તથા ફોન નંબર કૃતિની નીચે જરૂરથી લખી મોકલવા વિનંતી

૩. કૃતિની પસંદગી તથા સંકલનની જવાબદારી સંપૂર્ણપણે તંત્રીની રહેશે.

૪. કૃતિ મોકલવાનું સરનામું :


**સુહાની દીક્ષિત**

સી-૧/૭૦૩, કેસર કૉ. ઑ. સોસાયટી, ચારકોપ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭.

ફોન : ૯૮૨૧૩૧૮૯૦૫ / ૦૨૨ - ૨૮૬૯૨૧૫૦ ઈમેલ : editor@shrivadnagaranagar.org

**દીના વછરાજાની**

બી-હાર્મની, ચારકોપ વિલેજ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭.

ફોન : ૦૨૨ - ૨૮૬૮૨૨૯૭ ઈમેલ : editor@shrivadnagaranagar.org



DISCLAIMER : **આ સામાયિકમાં પ્રકાશિત દરેક લખાણની જવાબદારી લેખકની પોતાની રહેશે.**

## જીવનપથ (નિયમિત કટાર)

# માટીમાંથી બન્યા છીએ ને માટીમાં ભળી જવાનું છે!!

મા કરતાં નાનીમા પાસે ઉછરવાનું ઝાઝું બન્યું છે. હજુ આજે પણ કોઈ પૂછે કે : 'મા કેવી હોવી જોઈએ ?' તો તરત શબ્દો સરી પડે કે : 'મા તો મારી નાનીમા જેવી જ હોવી જોઈએ!' માતા-પિતા સંતાનને જન્મ આપતાં પહેલાં કલ્પનાના ઘોડા દોડાવે છે કે, 'આપણાં સંતાન કેવાં થવાં જોઈએ?' સંતાનો ભણી ગણીને મોટાં થાય ત્યારે સમજ કામે લગાડી તારવે છે કેઃ 'અમારાં મા-બાપ કેવાં હોવા જોઈએ ?' વિધિની વક્રતા છે નહીં? પણ શું થાય, અણસમજ સમજમાં પરિવર્તિત થાય ત્યારે જો તેમાં અનુભવ ઉમેરાય તો ડહાપણનો જન્મ થતો હોય છે... મને મારાં ડહાપણે આજે એવું કહેવા મજબૂર કર્યો છે કે : 'મા તો મારી નાનીમા જેવી જ હોવી જોઈએ..'

મોસાળમાં જઈએ ને નાનીમા ન હોય એવું ક્યારેય બનતું જ નહીં. નાનીમા તો મોસાળનું જીવતું તાળું! પણ જવલ્લે જ નાનીમાને ન ભાળીએ તો નિરાશ થઈ જવાતું. અને હા, નાનીમાએ અલવિદા કીધી પછી બહુ વખત પગ ઊપડ્યા જ નથી, એ દિશામાં! એ વ્યક્તિત્વ જ કંઈક એવું હતું કે તેના ચહેરાની કરુણા જ આપણાં બધાં દુઃખ હરી લેતી. શિરડીનાં સાંઈબાબાને માથે ઓઢાડો તો મારી નાનીમા જેવી જ લાગણી થાય.

પંગતમાં બેસીને જમવાનું, પલાંઠી મારીને જમવા બેસવાનું, પણ સાવ જ અડોઅડ નાનીમા પણ માથે ઓઢીને હસતા ચહેરે પીરસતાં બેઠાં હોય. જે હાથે જમતાં હોઈએ તે હાથેથી ડબ્બામાંથી રોટલી લેવા જઉં તો તરત મૃદુ કંઠે રોકે અને કહે : 'જમેલા હાથેથી જમવાની વાનગીને ન લેવાય.' અને જો જમણા હાથે જમતાં જમતાં ડાબા હાથથી રોટલી પકડાઈ જાય તો હળવાશથી કહે : 'એક જ હાથ અજીઠો કરાય, બીજો હાથ તો વધારાનો ખેલાડી છે તેનાથી પાણીનો ગ્લાસ પકડાયને અદ્ધરથી પાણી પીવાય!' મને બરાબર યાદ છે કે આપણાથી બીજો હાથ અજીઠી (એઠો) થઈ જાય તો કાં તે હાથે પાણીના છાંટા નાખી તેને ધોવાની ભાવક્રિયા કરે અથવા તો પછી તે અજીઠા હાથની મુઠ્ઠી વળાવી દે! આજે એટીકેટ અને ટેબલ મેનર્સના ટ્રેનિંગ કલાસીઝની જાહેરાત વાંચું છું ત્યારે વિચાર આવે છે કે મારી નાનીમાએ આ બધું તો વગર જાહેરાતે મને શીખવી દીધું છે, ક્યારનું! કહ્યા વગર શીખવ્યું, તે શીરાની જેમ અંગે અંગમાં ઊતર્યું.

નવરાત્રીના દિવસોમાં મારી બહેનો નાના-નાના ગરબા લઈ તેમાં દીવા કરી આડોશપાડોશમાં ગરબડિયો ગાવા જવાની હોંશ કરતી. તેની હોંશને નાનીમા પોરસ ચડાવતી ને ઘરે ઘરે જઈ ભાઈનું નામ પૂછી તે નામની ગરબી ગવાય તેથી ઘરનાં સૌ રાજી થાય એવું શીખવતાં. વળી હળવી ટકોર કરતાં ગાવાનું પૂરું થાય ત્યારે 'તેલ પુરાવી જજો' એવું આપણે ન બોલવું, બેટા, આપણે તો હોંશે ગરબા લઈ ગાઈએ છીએ, આપણે તેલ પૂરવા માટે સમર્થ છીએ, એટલે કશું માંગીએ નહીં. નવરાત્ર પૂરાં થાય ત્યારે સૌ ગરબો પધરાવવા માટે મંદિરે જતાં. શેરીની બધી નાની-મોટી છોકરીઓ પોતપોતાના નાના-મોટા ગરબા મંદિરના ચોકમાં મૂકી હાથ જોડી પાછી ફરતી. મારી નાનીએ નવતર નુસખો શોધેલો. મારી બહેનોના બે ગરબા ઘરમાં રહેલ તુલસીના ક્યારામાં પધરાવવાનું નાનીમાએ શીખવેલું, ઘરમાં રહેલ તુલસીના ક્યારામાં ગરબા મૂકી દેવાના ને રોજ એને પાણી પાતાં રહેવાનું. બહેનો ધીમે ધીમે ગરબાને ધરતીમાં સમાઈ જતો જોઈ રહેતી! ત્યારે તો નહોતું સમજાયું, પણ 'માટીમાંથી બન્યા છીએ અને માટીમાં ભળી જવાનું છે' એવી જીવનની ફિલસૂફી મારી નાનીમા, વ્યાખ્યાન આપ્યા વગર, મને નાનપણમાં સમજાવી ગયાં છે, તે તો હું મોટો થયા પછી જાણી શક્યો !!

**ડૉ. ભદ્રાયુ વછરાજાની**

# પ્રાચીન મંદિરોની શોભાવૃદ્ધિ માટેનાં કીર્તિતોરણ અને કમાન

**મંદિરોની બહાર મૂકવામાં આવેલા તોરણ કે કમાનને લગ્ન મંડપ કે ચોરી તરીકે ઓળખવામાં આવતાં હોય છે, હકીકતમાં આવાં કીર્તિતોરણ મંદિરની શોભાવૃદ્ધિ માટે કે દોલા વિધિ માટે નિર્માણ કરાયા છે, ગુજરાતમાં વડનગર, સિદ્ધપુર અને કપડવંજનાં તોરણો જાણીતાં છે : કેટલાંક મંદિરોનાં નષ્ટ થયેલાં તોરણોના અવશેષો જોઈ શકાય છે. ભુજના કલ્યાણેશ્વરના મંદિરમાં પણ આવું તોરણ છે**

કેટલાંક જૂનાં મંદિરોની આગળ તોરણ, કમાન દરવાજા કરેલાં હોય છે. એ પૈકીનાં કેટલાંક મંદિરો નષ્ટ થયાં હોવા છતાં તેનાં તોરણ, કમાન મોજૂદ રહ્યાં હોય છે. આ તોરણ અને કમાનનો અર્થ તથા સંદર્ભ આમજનતા, સ્થાનિક લોકો અને શ્રદ્ધાળુઓ સમજી શકતા ન હોવાથી ઘણી વાર તેને કોઈ ને કોઈ કથા સાથે જોડી તેના કથાનાયક યુગલની લગ્નની ચોરી (વિવાહ મંડપ) તરીકે ઓળખાતાં હોય છે. જેમ કે મોઢેરાના મંદિરના તોરણને સીતાની ચોરી, શામળાજી મંદિરના તોરણને રાજા હરિશચંદ્રની ચોરી, વડનગરના તોરણને કુંવરબાઈ કે શામળશાની ચોરી તરીકે ઓળખાવવામાં આવે છે. સ્થાનિક ભોમિયા પણ પ્રવાસીઓને આવાં તોરણોને ચોરી તરીકે એળખાવતા હોય છે.

હકીકતમાં આવાં તોરણો કે કમાનો મંદિરોની શોભાવૃદ્ધિ માટે તથા ઉત્સવ અવસરે દેવ પ્રતિમાઓની દોલા વિધિ માટે બનાવવામાં આવ્યા હોય છે. આવાં કેટલાંક જાણીતાં તોરણ કે કમાનોનો અહીં પરિચય મેળવીએ.

સિદ્ધરાજે બનાવેલાં મંદિરોમાં સહુથી મોટું મંદિર માતૃગયા સિદ્ધપુરનો રુદ્ર મહાલય (રુદ્રમાળા) છે. એનો મૂળ ભાગ મૂળરાજના સમયમાં બંધાયેલો હતો, પરંતુ તે નષ્ટ થતાં સિદ્ધરાજે તેની જગ્યાએ નવું ભવ્ય મહાલય બંધાવ્યું હોવાનું જણાય છે. આ ભવ્ય મહામંદિરનો મોટો ભાગ નષ્ટ થયો છે તેના કેટલાક અવશેષો જ નિહાળી શકાય છે. ગૂઢ મંડપની ચોકીઓ, અંતરાલનો કેટલોક ભાગ અને તેનું કીર્તિતોરણ અર્થાત્ કમાન. મંદિરના મોખરાની ચોકીની ઉત્તર તરફે આવેલું કીર્તિતોરણ બે મોટા સ્તંભ પર ટેકવાયેલું છે. નીચલા સ્તંભોની ટોચે ગજમુખમાંથી ઓરની કમાન કંડારવામાં આવી છે.

જોકે હાલ જોઈ શકાતી નથી. ઉપલા સ્તંભોની ટોચ પર ગોઠવવામાં આવેલા પાટડા ઉપર મકર મુખમાંથી નીકળતી કમાનને અત્યંત સુશોભિત રીતે કોતરવામાં આવી છે.

સંવત ૧૦૮૩માં ભીમદેવના રાજ્યકાળના પાંચમા વર્ષે નિર્માણ કરાયેલા મોઢેરાના સૂર્ય મંદિરની વાત આ કટારમાં અગાઉ કરાઈ છે. આ સૂર્ય મંદિરના સભામંડપની આગળ સુંદર કલાત્મક કીર્તિતોરણ, (કમાનવાળો દરવાજો) હતું; હાલે તેના કે સ્તંભો જ બહારની બાજુએ જોઈ શકાય છે.

શામળાજીના મંદિરની આગળ આવેલી હરિશચંદ્રની ચોરી તરીકે ઓળખાતું કીર્તિતોરણ એ ગુજરાતના તોરણોમાંનો સૌથી પ્રાચીન ઉપલબ્ધ નમૂનો છે.

ઉપર ઉલ્લેખાયેલાં તોરણો વત્તે ઓછે અંશે ખંડિત છે, પરંતુ હાલે વડનગર અને કપડવંજનાં તોરણો અખંડ રહેલાં છે. વડનગરમાં બે તોરણો છે જેમાંથી એક તોરણ મૂળ સ્થિતિમાં ઊભું છે, જ્યારે બીજાં તોરણનો ઉપરનો ભાગ નીચે પડેલો છે. આ બન્ને તોરણ કદમાં અને શિલ્પાંકનમાં સરખાં જ છે. તોરણના સ્તંભ ઘણા ઊંચા છે અને તેના અંગ વિવિધ આકારના અને વિવિધ પ્રકારના સુશોભનવાળા છે. એના રમણીય સરાની અંદરની બાજુએ મકરની આકૃતિ કાઢેલી છે અને તેના મુખમાંથી અંદરની અર્ધવૃત્તાકાર કમાનનો એક એક છેડો બહાર નીકળતો બતાવ્યો છે. મોટા સ્તંભના સરા ઉપર નાના સ્તંભ છે અને તેના પર પાટડો ટેકવામાં આવ્યો છે. આ પાટડા ઉપર ત્રિકોણાકાર કમાન છે. આ કમાનની અંદર બે નાના સ્તંભ ગોઠવી ત્રણ ઊભાં ખાનાં પાડવામાં આવ્યાં છે તેમાં ગણેશ, કાર્તિકેય વગેરેની મૂર્તિઓ કંડારીને મૂકવામાં આવી છે.

વડનગરના તોરણની સરખામણીમાં કપડવંજ તોરણ નાનું છે. તેની બન્ને કમાન પાટડા નીચેની તથા પાટડા ઉપરની ત્રિકોણાકાર છે. આ ત્રિકોણાકારને પાંચ ગોળ વળાંક આપવામાં આવ્યાં છે. ઉપરની કમાનની અંદર કેન્દ્રસ્થાને અહીં પણ કાર્તિકેયને બિરાજમાન કરાયા છે.

ગુજરાતમાં આ ઉપરાંત પિલુદરા, દેલમાલ, વાલમ અને બલેજનાં પ્રાચીન મંદિરોમાં કીર્તિતોરણ છે. તો કેટલાંક મોટાં મંદિરોનાં મંડપોમાં સ્તંભો વચ્ચે આ પ્રકારના કીર્તિતોરણ કાઢેલાં જોઈ શકાય છે. કચ્છમાં ભુજના કલ્યાણેશ્વર મંદિરમાં આવું કીર્તિતોરણ જોઈ શકાય છે, પરંતુ તેના પર ચૂનો લગાડી દેવામાં આવ્યો હોઈ તેની કોતરણી જોઈ શકાતી નથી.

**નરેશ અંતાણી**

# ''સ્વામી વિવેકાનંદ સાથેનાં મારાં માતામહનાં સંસ્મરણો''

પુણ્યભૂમિ ભારતને વધુ ઘનિષ્ટરૂપે ઓળખવા નિમિત્તે સ્વામીજીની પર્યટનની સ્પૃહા પૂરેપૂરું જોર કરી રહી હતી. પશ્ચિમ ભારતનો પ્રવાસ કરતાં કરતાં ૧૮૯૨માં સ્વામીજી જૂનાગઢ આવી પહોંચ્યા. ત્યારે જૂનાગઢમાં દીવાનજીના કાર્યાલયમાં કારભારી મૅનેજર તેમ જ વિદ્યાધિકારી તરીકે મારા નાના, માતામહ (મારા માતુશ્રીના પિતાજી) શ્રી છગનલાલ હરિલાલ પંડયા (૧૮૫૯-૧૯૩૬) હતા.

છગનલાલ દાદા વિદ્વાન, સાક્ષર, કેળવણીકાર અને સંસ્કારી હતા. અતિશય કઠિન એવા સંસ્કૃત ગ્રંથ 'કાદંબરી'નું તેમણે ગુજરાતીમાં ભાષાંતર કરેલું, સમગ્ર ગુજરાત જેને માટે ગર્વ અનુભવે છે તેવા સાક્ષર અને પ્રખ્યાત ગ્રંથ 'સરસ્વતીચંદ્ર'ના કર્તા એવા શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી તેમના સાળા થાય.

જૂનાગઢમાં મારા નાના સ્વામીજીથી એટલા બધા પ્રભાવિત થયેલા કે તેમને પોતાને ઘરે લાવી કેટલાય દિવસો સુધી આદરપૂર્વક અતિથિસત્કાર કર્યો હતો. નાનાજીના સમયમાં એ મકાનનું નામ 'દક્ષિણીના ડેલા' હતું. હાલમાં પણ આ ઐતિહાસિક મકાન મૂળ સ્થિતિમાં જ હયાત છે, પરંતુ અત્યારે તેનું નામ 'યુક્તોદય' છે. "Life of Swami Vivekanand by his Eastern and Western Disciples" Part 1, Page 290 અનુસાર પણ સ્વામીજી કેટલાક દિવસો સુધી શ્રી પંડ્યાને ત્યાં રહ્યા હતા.

સ્વામીજીના વ્યક્તિત્વથી નાનાજી જાણે અંજાઈ જ ગયેલા. તેમની સાથે ગાળેલો સમય પોતાના જીવનનો શ્રેષ્ઠ ભાગ, સુવર્ણકાળ હતો તેવું તેઓ અવારનવાર કુટુંબીજનોને જણાવતા.

તેમને માટે સ્વામીજી પ્રેરણાસ્રોત હતા. સ્વામીજી બ્રહ્મચર્ય, અન્ય પ્રત્યેની સદ્‌ભાવના અને આધ્યાત્મિકતા જેવાં મૂલ્યોના ફૂવારા હતા. નાનાજીએ તેમનામાં આદર્શ અને વ્યવહારોનો સંગમ, આધુનિક અને પ્રાચીન યુગનો સમન્વય, વિજ્ઞાન અને આધ્યાત્મિકતાનો સુમેળ જોયો. સ્વામીજી સંગીત, ખેલકૂદ અને અન્ય પ્રવૃત્તિઓમાં પણ એટલો જ રસ ધરાવતા હતા. સ્વામીજીનું ભવ્ય વ્યક્તિત્વ અને પ્રદીપ્ત મુખમંડળ અત્યંત પ્રભાવશાળી હતું. તેમની આંખોમાં વિશિષ્ટ પ્રકારનો અગ્નિ, આંજી નાખે તેવું તેજ જોવા મળતું. નાનાજી ખાસ કહેતા કે કોઈ પણ વેશભૂષામાં સ્વામીજી પ્રતિભાશાળી રાજકુમાર જેવા શોભતા.

સ્વામીજી દેખીતી રીતે સરળ પણ આધ્યાત્મિક રીતે અત્યંત ગહન લાગતા. બીજાં બધાં સ્થાનોની જેમ જૂનાગઢમાં પણ તેમના સત્સંગનો લહાવો લેવા અનેક લોકો ઊમટતા. સ્વામીજીનાં વ્યાખ્યાનોનો જબરો પ્રભાવ પડતો હતો, તેમના અવાજમાં પ્રેમ, ઉત્કટતા, ગૌરવ, અભિલાષા, ભક્તિ, ઉદાત્ત ભાવના અને મુખ્યત્વે તો જે કોઈ આ અવાજ સાંભળતા તેનામાં પ્રેમ જગાડવાની ચમત્કારિક શક્તિ હતી. લોકોમાં જાણે નવજીવનનો

સંચાર થતો! સ્વામીજીના ઉદ્‌ગારો દર્શનશાસ્ત્ર, ધર્મ, સમાજવિજ્ઞાન, કળા, સ્થાપત્ય, સંગીત વ. અનેક વિષયોને આવરી લેતા.

આવી બધી વાતો નાનાજી મારા વડીલ મામાઓ-માસીઓ તેમ જ અન્ય કુટુંબીજનોને કરતા. ટૂંકમાં નાનાજી ઉપર સ્વામીજીનો ઘણો જ મોટો પ્રત્યક્ષ પ્રભાવ પડ્યો હતો. તેમના આધ્યાત્મિક માર્ગદર્શન તથા મદદ કરતાં પણ વધુ તો તેમના પ્રેમે નાનાજીને જીતી લીધા હતા.

નાનાજીએ એ વખતની વાતોને યાદ કરતાં લખ્યું છે કે,''જૂનાગઢમાં અમે સહુ સ્વામીજીની સરળતા, આડંબરશૂન્યતા, વિવિધ કળા-વિજ્ઞાનનું ઊંડું જ્ઞાન, ઉદાર મત, ધર્મપરાયણતા, મર્મસ્પર્શી વાણી અને અદ્‌ભુત આકર્ષણ શક્તિથી વિમુગ્ધ બની ગયા હતા. આ બધા ગુણો ઉપરાંત એમનું સંગીતમાં અસાધારણ કૌશલ્ય અને અનેક પ્રકારની ભારતીય કલાવિદ્યામાં પારંગતતા હતી. એટલે સુધી કે તેઓ રસોઈ વગેરેમાં ઘણા કુશળ હતા અને બહુ જ સરસ રસગુલ્લા પણ બનાવી શકતા. અમે બધા જ એમના ચાહકો થઈ ગયા હતા.'' (યુગનાયક વિવેકાનંદ, ૧/૩૩૬).

જૂનાગઢમાં સ્વામીજી નાનાજી સાથે ઈશુ ખ્રિસ્ત વિષે ખૂબ ચર્ચા કરતા. તેઓ કહેતા કે પશ્ચિમ જગતમાં નીતિધર્મનું પુનરુત્થાન થવામાં ઈશુ ખ્રિસ્તનો ઘણો મોટો પ્રભાવ છે. ઓજસ્વી ભાષામાં સ્વામીજી કહેતા કે યુરોપની મહાનતા-રાફેલનાં ચિત્રો, સંત, ફ્રાન્સિની ભક્તિ, તેના સાધુ સંઘો, ધાર્મિક જીવન, આ બધા સંન્યાસી ખ્રિસ્તના ઉપદેશોથી સંકળાયેલા હતા. સ્વામીજીની આ વાતોથી નાનાજી એટલા બધા પ્રભાવિત થયેલા કે તેમણે ટોમસ એકેન્વીસ દ્વારા લખાયેલ પુસ્તક 'ધ ઈમીટેશન ઑફ ક્રાઈસ્ટ'નું ગુજરાતી ભાષાંતર 'ક્રાઈસ્ટનું અનુકરણ અથવા સાર્વલૈકિક ધર્મ નામે પ્રકાશિત કર્યું આ પુસ્તકની પ્રસ્તાવનામાં તેમણે સ્વામીજી વિષે રોચક માહિતી રજૂ કરી છે.

સ્વામીજી વિષે તેમણે લખ્યું છે, ''એમના જેવા માત્ર પરોપકાર્થે સંસારત્યાગ કરીને નીકળી આવેલા, શુદ્ધ સાધુ પાસે સામાન તો હોય જ શાનો ? માત્ર બે-ત્રણ ભગવા વસ્ત્રની એક પોટલી અમારા જોવામાં આવી હતી. અતિ પરિચય પછી એમની પાસે એક વાર હું બેઠો હતો અને પોતે તે પોટલી છોડી ત્યારે તેમાં મેં માત્ર બે જ ચીજો જોઈ. એક તો એમના પરમપૂજ્ય ગુરુજી શ્રી રામકૃષ્ણની છબી અને બીજું 'ધ ઈમિટેશન ઑફ ક્રાઈસ્ટ ઑફ ક્રાઈસ્ટ' પુસ્તક. આ અંગ્રેજી પુસ્તક અને તે વળી ક્રાઈસ્ટને લગતું - ઈશુ ખ્રિસ્તનું - આપણા હિન્દુ ધર્મનો પ્રચાર કરવા નીકળેલા સંન્યાસી પાસે જોવાથી મને તો એ વેળા ઘણું જ આશ્ચર્ય લાગ્યું અને તે પછી અમારામાં બીજા જેઓએ જોયું તેઓને પણ તેવું જ વિસ્મય થયું.

નાનાજીએ થોડી હિંમત ભેગી કરીને સ્વામીજીને પૂછ્યું, ''મહારાજ! આપ તો હિન્દુ ધર્મના પ્રવર્તક છો અને આ ખ્રિસ્તી ધર્મનું પુસ્તક કેમ રાખો છો? ત્યારે સ્વામીજીએ જવાબ આપ્યો હતો, ''ભાઈ, સર્વ ધર્મનું તત્ત્વ એક જ છે. ક્રિશ્ચિયાનિટી કંઈ બીજો બોધ કરે છે અને આપણો વેદ કંઈ બીજું કહે છે એમ નથી. આપણામાં મનાતા ઈશ્વરના

અવતારરૂપે જ ક્રાઈસ્ટ, મહમદ પયગંબર, ઝેરોસ્ટર-એ સર્વ મહાપુરુષો, ઈશ્વરની વિભૂતિવાળા જ થઈ ગયા છે. સર્વ ધર્મોમાં નીતિનાં સૂત્રો, સદાચારના નિયમો, ઈશ્વરની આજ્ઞા, માનવતાના આદેશો સરખા જ છે, માત્ર તેનો અર્થ કરનારાઓની અજ્ઞાનતાને લીધે અનર્થ ઊપજે છે. સ્વાર્થ બુદ્ધિથી ખોટા ઉપદેશો અપાય છે, ધર્મને બહાને અધર્મની પ્રવૃત્તિ થાય છે, પરસ્પર વિરોધ થાય છે.''

સ્વામીજીએ નાનાજીને કહેલું, ''હું વિદ્યાર્થી હતો ત્યારથી જ ધર્મઝનૂન અને કટ્ટરતાનો વિરોધી છું. નાનો હતો ત્યારે ચર્ચમાં જતો. તે વેળા બાઈબલના અમુક શબ્દોનો વાસ્તવિક અર્થ કરવો જોઈએ તેને બદલે તેઓ બીજી રીતે કરીને ઈશ્વરની શી ઇચ્છા છે, તે જનસમૂહને પોતાના મત પ્રમાણે સમજાવવા પ્રયત્ન કરતા. ત્યારે હું તેમની સામે ઊભો થતો અને તેમના આ માની લીધેલા સ્વાર્થી મતનું ખંડન કરતો. તેથી તેઓ મને કેટલીક વાર તેમનાં દેવળોમાંથી મને કાઢી મૂકતા કે ફરીથી આવવાનો જ અટકાવ કરતા.''

ડાહ્યાભાઈ રામચંદ્ર મહેતાએ (૧૮૭૦-૧૯૫૨) ૧૯૧૮માં સૌ પ્રથમ 'રામકૃષ્ણ પરમહંસ' નામે જીવનચરિત્ર ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ કર્યું. ખૂબ જ થોડા મહિનાના ગાળામાં, ૭૫૦થી વધુ પૃષ્ઠો ધરાવતી, ડેમી સાઈઝની ૩૦૦૦ નકલોનું વિના મૂલ્યે વિતરણ થયું. ગુજરાતના શિક્ષિત સમાજને શ્રી રામકૃષ્ણ પરમહંસના જીવન અને સંદેશ વિશે આનાથી માહિતી પૂરી પડી. આ પુસ્તકમાં તેમણે ઘણા આગળ પડતા વિદ્વાનો, સાક્ષરો પાસેથી અભિપ્રાયો-સંદેશાઓ મગાવેલા, નાનાજી પાસે પણ તે મગાવેલો.

નાનાજીએ ૨-૩-૧૯૧૮ના રોજ પ્રકાશકને જે પત્ર લખેલો તે આ પ્રમાણે છપાયેલો. ''સ્વામીજીના મુખેથી મેં પ્રત્યક્ષ સાંભળેલું છે કે તેમના ગુરુવર્ય શ્રી રામકૃષ્ણની અમૃત ઝરતી વાણીથી તેમને કેટલો અનહદ આનંદ થતો. તેમના ખાસ ખાસ કૃપાપાત્ર પોતે કેવી રીતે બન્યા અને પોતાના ઉપર શ્રી રામકૃષ્ણના અત્યંત પ્રેમ, શ્રદ્ધા, વિશ્વાસ અને કૃપા થકી જ પોતે બ્રહ્મવિદ્યા હાંસલ કરી શક્યા છે.'' ('શ્રી રામકૃષ્ણ પરમહંસ,' બીજી આવૃત્તિ, ૧૯૪૭, પાનું ૩-૪).

આ જ પ્રમાણ ડાહ્યાભાઈ મહેતાએ 'સ્વામી વિવેકાનંદ' પુસ્તક પ્રકાશિત કર્યું ત્યારે નાનાજીએ ૯-૧૦-૧૯૨૧ના રોજ પત્ર લખેલો, જે નીચે પ્રમાણે પુસ્તકમાં છપાયેલો. ''કોઈ દૈવી સંકેત, ઈશ્વરી આદેશને લીધે જ હું સ્વામીજીના નિકટના પરિચયમાં આવ્યો અને એટલે જ સ્વામીજીએ પોતાના જીવનની ઘણી અંગત બાબતો મને જણાવેલી. બ્રહ્મચર્ય પાળવામાં તેમને કેટલી બધી મુશ્કેલી નડી હતી તે તેમણે કહેલું. વિરાટ વ્યક્તિત્વ ધરાવતી આવી વિભૂતિ જે સરળતાથી, જે સહજતાથી સાથે રહેતી તે ધ્યાનમાં લાવી તેમના માટે અત્યંત આદર સાથે મારું મસ્તક ઝૂકે છે.'' (સ્વામી વિવેકાનંદ જીવનચરિત્ર, પા. ૧૫).

જૂનાગઢથી નીકળી ફરતાં ફરતાં સ્વામીજી

પોરબંદર પહોંચ્યા અને શ્રી શંકર પાંડુરંગના નિવાસસ્થાને (ભોજેશ્વર બંગલામાં) અતિથિ થયા. કંઈક દિવસોના સહવાસ પછી, સ્વામીજીની મેધા, ઉદારતા અને મૌલિક વિચારધારા નિહાળીને શ્રી પાંડુરંગજીએ કહેલું કે, ''મને લાગે છે કે આપ આ દેશમાં ખાસ કંઈ કરી શકશો નહિ. એના કરતાં આપે પશ્ચિમના દેશમાં જવું જોઈએ. ત્યાંના લોકો આપના વિચારો અને આપના વ્યક્તિત્વનો વાસ્તવિક પાર પામી શકશે.'' એમના શબ્દો સાંભળી સ્વામીજીને યાદ આવ્યું કે આ પહેલાં, જૂનાગઢમાં છગનલાલ દાદાએ પણ તેમને સૂચવેલું કે ''સ્વામીજી, આપે પશ્ચિમનો પ્રવાસ ખેડવો જોઈએ. સનાતન ધર્મ વિશેની આપની વિચારધારા એકવાર તેઓ સમજશે તો આ દેશના લોકો આપનો સંદેશો આપોઆપ ઝીલશે. ત્યાં સુધી અહીં કદર નહીં થાય.'' (યુગનાયક વિવેકાનંદ, ૧/૩૪૩, ૩૫૬).

નાનાજી પાસે ખૂબ મોટું, અત્યંત કીમતી, બેલ્જિયમની બનાવટનું, મીઠા સૂરવાળું, પગથી ધમણ વગાડાય તેવું હારમોનિયમ હતું, સ્વામીજી ખૂબ ઉત્સાહથી, પ્રેમથી, આનંદથી આ હારમોનિયમ વગાડતા અને ખૂબ ભાવથી ભજનો ગાતા. તેમનો કંઠ ખૂબ મધુર હતો. નાનાજી પાસે બેસીને તબલાં ઉપર તેમને સંગત કરતા, ક્યારેક સૂરમાં સૂર પણ પુરાવતા. મોડી રાત સુધી તેમનો આ જલસો ઘરે ચાલતો. ભજન ગાતાં ગાતાં સ્વામીજી ખૂબ ભાવવિભોર બની જતા.

મારાં માતુશ્રી શકુંતલાબહેનને પણ હારમોનિયમ વગાડવાનો - સંગીતનો શોખ. નાનાજીના અવસાન બાદ આ હારમોનિયમ દાયકાઓ સુધી અમારે ત્યાં રાજકોટમાં રહેલું, મારાં મા અવારનવાર હારમોનિયમ વગાડે અને ગાય.

થોડા સમય પહેલાં અમને સૌને એકસામટો વિચાર આવ્યો કે આ હારમોનિયમ તો સ્વામીજીની પ્રસાદીરૂપ, તેમના જીવન સાથે સંકળાયેલું છે. આપણા ઘરમાં જ તેને સાચવીને રાખીએ તેમાં આપણી સ્વાર્થવૃત્તિ, સંકુચિતવૃત્તિ રહેલી છે. વૈશ્વિક એકતાનો ઉપદેશ આપનારા સ્વામીજી તો વિશ્વના સૌ કોઈના છે. અમારે મમત્વ છોડવું જ જોઈએ. તેથી રાજકોટના રામકૃષ્ણ આશ્રમના તત્કાલીન વડા સ્વામી શ્રી જિતાત્માનંદજી અને સ્વામી શ્રી નિખિલેશ્વરાનંદજીનો સંપર્ક સાધ્યો. તેમના સહકાર-મદદથી વિવેકાનંદ મેમોરિયલ, બેલુર મઠમાં ૧૯૯૯માં આ હારમોનિયમ ભેટ કર્યું, જેથી સૌ કોઈ તેનાં દર્શન કરી શકે અને સ્વામીજીની પરોક્ષ અનુભૂતિ કરી શકે, આમ કરવામાં અમે ધન્યતા અનુભવીએ છીએ.

હું નસીબદાર છું કે શ્રી છગનલાલ હરિલાલ પંડ્યા મારા માતામહ હતા, પરંતુ મુ. પૂ. છગનલાલ દાદા તો એથીય વિશેષ નસીબદાર હતા કે તેઓનો સ્વામીજી સાથે પ્રત્યક્ષ સહવાસ હતો અને સ્વામીજીને પરદેશ જવાનું સૌ પ્રથમ સૂચન કર્યાનું આંગળી ચીંધ્યાનું પુણ્ય કમાયેલું.

અમારા સમસ્ત કુટુંબ માટે આ મોટું સૌભાગ્ય છે.

**ડૉ. વિપુલ યાજ્ઞિક**

# દૃષ્ટિભેદ

આજે વૈભવી અતિ વ્યસ્ત-ઉત્તેજિત-આનંદિત હતી. આજે જે શુભ દિવસની ઉત્સાહભેર રાહ જોઈ રહી હતી એ દિવસ આખરે આવી ગયો હતો. આજે, હા, પોતાના લાડકા ભાઈ મનોજના શુભ લગ્નનો શુભ આનંદિતદિન હતો.

વૈભવીએ પહેલેથી જ પોતાના આ લાડકાભાઈનાં લગ્નની સર્વે તૈયારીઓ પોતાના ઉપર રાખી હતી. તેમને હતું કે તેમાં કચાશ રહી જવી ન જોઈએ.

આજે પણ મનોજના લગ્ન દિવસે સહુ-સહુને કોઈ ને કોઈ સૂચનાઓ આપવામાં વ્યસ્ત હતી. પોતે પણ વહેલાસર બ્યુટીપાર્લરમાં જઈને સજી-ધજીને આવી ગઈ હતી... હવે તો બસ, પોતાના લાડકાભાઈ મનોજને પરણવા ચડવાનો સમય નજીક આવી ગયો હતો બેન્ડવાજાંવાળા આવી ગયા હતા. મહેમાનો-જાનૈયાઓ તૈયાર હતા. આ સઘળા વચ્ચે એક કામ માત્ર પોતાના જ ઉપર રાખેલું... એ હતું કે જ્યારે મનોજ પરણવા ચડે ત્યારે પોતાની જ પસંદગીનો પોતાની હાજરીમાં જ તૈયાર કરાવેલો સુંદર ફૂલોવાળો-ભરાવદાર હાર વરરાજા-મનોજને પહેરાવવો. આજે એ વ્યસ્ત હતી...ત્યારે...

...ઓહ! વૈભવી ચમકી.. એ સ્વતઃ જ બોલી ઊઠી 'અરે! મનોજને મારી પસંદગીનો ભરાવદાર હાર પહેરાવવાનો છે એ ક્યાં? કારણકે એવો હાર હજુ મનોજના ગળામાં નહોતો. વૈભવીને ખ્યાલ આવી ગયો કે આવો હાર પોતે જ તૈયાર કરાવવાનું ભૂલી ગઈ હતી. કોઈને એ દોષ આપી શકે તેમ નહોતી.. હવે તો વરરાજાને પરણવા ચડવાનો સમય નજીક હતો... મુહૂર્ત જ નજીક હતું.. કદાચ ચાલ્યું ન જાય એ ચિંતા હતી... આવા સંજોગોમાં...

વૈભવી ઉતાવળી થઈને સ્કુટર લઈને ભાગી.. તેણે વિચાર્યું કે જે ફૂલવાળાની સૌ પ્રથમ દુકાન મળે ત્યાં જ પોતાની પસંદગીનો હાર તૈયાર કરાવી લેશે..મોડું થતું જતું હતું.

...ત્યાં તો માત્ર થોડીક જ વારમાં એક ફૂલવાળાની દુકાન સદ્‌ભાગ્યે મળી ગઈ..વૈભવી ત્યાં રોકાઈ ગઈ...તો વળી ત્યાં જોયું કે ફૂલવાળો એક હાર તૈયાર કરી તૈયાર કરી રહ્યો હતો જે અર્ધો તો થઈ ગયો હતો.. તો વૈભવીએ સદ્-આશ્ચર્ય વચ્ચે જોયું કે એ ફૂલવાળો બરાબર પોતાની જ પસંદગીનો સુંદર ફૂલોવાળો-ભરાવદાર જ હાર તૈયાર કરી રહ્યો હતો! એ મનમાં બોલી ઊઠી ''બસ, આ હાર મનોજ માટે બરાબર છે...'' વૈભવી ફૂલવાળા પાસે આવીને તેને કહેવા લાગી.. ઉતાવળી અને હાંફળી-ફાંફળી

થતાં...''ભાઈ, ભાઈ, એ, ભાઈ-તમે આ હાર તૈયાર કરી રહ્યા છો એ પૂરો થયે મને આપી દેશો? આપી દેજો ને.. મારા લાડકો ભાઈ મનોજ પરણવા ચડવા તૈયાર થઈ ગયો છે, મુહૂર્ત નીકળી જાય છે, પ્લીઝ પ્લીઝ મને આપોને.. કેટલા પૈસા...'' એકસાથે ઘણું ઘણું ઉતાવળ અને ઉત્તેજનામાં વૈભવી બોલી ગઈ.. પેલા ફૂલવાળાને કહી ગઈ... ત્યારે... પેલા ફૂલવાળા ભાઈએ... વૈભવી જેટલી ઉતાવળી થઈને-હાંફળી ફાંફળી થઈને કરગરતી હતી તેટલી જ શાંતિથી પ્રત્યુત્તર આપ્યો ''બહેન, શાંત થાઓ, જુઓ હું તો તમને આ અર્ધો તૈયાર થયેલ હાર પૂરો થયે આપી દઉં... ત્યાં તો... વૈભવી આનંદથી ઊછળી પડી ''થેંક્યું..થેંક્યુ, કેટલા પૈસા... ત્યારે ફૂલવાળાએ કહ્યું ''બહેન, શાંતિ રાખો, જુઓ મારું પૂરું સાંભળો, જુઓ, આ, આ બાજુ જે ભાઈ ઊભા છે તેના ઑર્ડર મુજબ આ હાર બનાવી રહ્યો છું.. જો એ ભાઈ હા, પાડે તો આ હાર તમે લઈ જાઓ, મને કોઈ વાંધો નથી.. આ સાંભળ્યું ત્યારે જ વૈભવીનું ધ્યાન એ ભાઈ તરફ પડ્યું અને એ ભાઈને ઉતાવળી થતાં કરગરી ''ભાઈ, ભાઈ, મને આ હાર બહુ ગમે છે, તમે હા પાડોને તો હું આ હાર લઈ જાઉં, મારે એ હાર મારા લાડકા ભાઈ મનોજને પહેરાવવો છે, તેને પરણવા ચડવાનો સમય થઈ ગયો છે.. ત્યારે પેલા ભાઈએ કહ્યું ''ભલેને તમે લઈ જાઓ, હું બીજો હાર તૈયાર કરાવી લઈશ.. ત્યાં તો એ ભાઈ વધુ કંઈ આગળ કહે તે પહેલાં વૈભવી આનંદિત થતાં બોલી ઊઠી ''થેંક્યું..થેંક્યુ'' ત્યારે પેલાભાઈએ કહ્યું ''બહેન, મારી પૂરી વાત તો સાંભળો.. આ હાર હું મારા માતાના મૃત-પાર્થિવ દેહને પહેરાવવા તૈયાર કરાવી રહ્યો છું... ત્યાંતો વૈભવીનાં ચહેરાનું નુર ઊડી ગયું, જાણે ભર બપોરે સૂરજ આથમી ગયો! એ મનોમન કકળી ઊઠી ''અરે, એક શબના, નિમિત્તે તૈયાર થતો હાર વરરાજાને કંઈ પહેરાવાય? દૃષ્ટિ બદલાઈ ગઈ; નહીં તો એ જ ઉતાવળ હતી એ જ મનપસંદ હાર હતો. એ બોલી નાના તમે લઈ જાઓ.

**જસમીન દેસાઈ**

# સંધ્યાકાળે સૂર્યોદય

નાના દીકુને લઈને ધૂંધવાયેલી સુરભિ અંદર ગઈ. હોઠની હજાર વાત કરતાં નેણની ભાષા ધારદાર હોય છે. જતાં જતાં જે દૃષ્ટિથી એ માસ્તરકાકા તરફ જોઈ રહી હતી તે કાંતાબહેને જોયું. વાંચતાં હતાં તે પુસ્તક બંધ કર્યું, ચશ્માં ઉતાર્યાં ને બોલ્યાં

''શા માટે તમે ધરાર શિક્ષક બની જાઓ છો?'

'આજીવન શિક્ષક રહ્યો છું ને એટલે આદત છૂટતી નથી.'

'પણ એ લોકોને ન ગમતું હોય તોય? અને તેય પાછું બાળકોને અભ્યાસને લગતું હોય તો હજીય સમજાય, પણ કમળનો 'ક' ને ખડિયાનો 'ખ' એવું ભણવામાં કોઈને રસ ન હોય. હવે બધા ઈંગ્લિશ મીડિયમવાળાં ને મુંબઈમાં ગુજરાતી ભણવાનું જ નથી. ''પણ માતૃભાષા તો લખતાં વાંચતાં આવડવી જ જોઈએ ને?''

''પણ એ નંદુબાઈની અને આપણાં ગામડાંનાં ઘરની વાત વચ્ચે લાવ્યા કરે છે એ મને નથી ગમતું-નંદુબાઈ આપણને બનાવી ગઈ ને એટલે આપણે આપણું ગામડાંનું ઘર વેચવું પડ્યું એવું વારેઘડીએ સંભળાવ્યા કરવાની શું જરૂર?''

''કટુ વાણી સુણે જો કોઈની, મીઠી વાણી કહેજે. પરાઈ મૂર્ખતા કાજે મુખે ના ઝેર તું લેજે.''

''તમારે તો બધું એવું સંત મહાત્મા જેવું- કબીરા ખડા બાઝાર મેં માંગે સબકી ખૈર! ના કાહુસે દોસ્તી ના કાહુસે વેર - પણ મારાથી ન સહન થાય. એ શું વળી?! કંઈ નાનામોટા ના ભેદ ખરા કે નહીં? વિવેક-મર્યાદા જેવું કંઈ ખરું કે નહીં?''

''એ તો જેવા જેના આચારવિચાર.''

''...એમાં પાછો દેવેન પણ એની વહુને કંઈ કહેતો નથી. જોકે એ બિચારો ક્યાંથી બોલી શકે એને મોઢે તો તેર મણનું તાળું છે. સસરાના પૈસે તો આ બધા કારભાર ચાલે છે, બાકી ગામડાગામનો છોકરો મુંબઈમાં આવડો મોટો બીલ્ડર બની શકે? ...ગામડાંનું મકાન વેચી નાખ્યું.... મકાન વેચી નાખ્યું એમ કહ્યા કરે છે, પણ શા કારણથી વહેચવું પડ્યું તે નહીં જોવાનું? સટ્ટાખોરીમાં કે જુગારમાં ફૂંકી માર્યું હોય તો ઠીક છે, પણ ગામડાંની બિચારી નંદુબાઈની લાચારી ને એક માણસના જીવન-મરણનો સવાલ હતો, માણસાઈ જેવું પણ કંઈ હોય કે નહીં ? કે પછી બસ પૈસા...પૈસા જ કર્યા કરવાનું ? ને વર્ષો પહેલાંની વાત જ્યારે ને ત્યારે સંભળાવ્યા કરવાની?'' કાંતાબહેનનો ધૂંધવાટ બહાર ફેંકાઈ રહ્યો. માસ્તરકાકા શાંત ચિત્તે આંખો બંધ કરી બેસી રહ્યા.

કાંતાબહેનનાં 'વર્ષો પહેલાંની વાત - 'વર્ષો પહેલાંની વાત'

એવા શબ્દો વરાળ થઈ ઊડી રહ્યા. એ વાદળમાં ઝાકઝમાળ લાઈટ ઝાંખી થઈ ગઈ - લીસી ફરસ ઉબડખાબડ છાણમાટીની ગાર થઈ ગઈ. ઓસરીમાં લાકડાની થાંભલી, બે-ત્રણ પગથિયાં ઊતરતાં ફળિયું.

વર્ષોનાં પગથિયાં ઊતરી ગયા માસ્તરકાકા.

શિયાળાની રાત છે. આખું ગામ ઢબૂરાઈ ગયું છે. થોડી થોડી વારે ઠંડા પવનની લહેરખી આવી ઝાડનાં પાંદડાં ખખડાવી જાય છે. બાકી સ્તબ્ધતા છે. ઝાંખા ફાનસના અજવાળામાં ઓસરીમાં બેસી પુસ્તક વાંચતાં માસ્તકાકાએ પુસ્તક બંધ કર્યું ચશ્માં ઉતાર્યાં. કાંતાબહેન શાલમાં લપેટાઈને શરીરને શાલ સાથે લપેટતાં ડેલીની સાંકળ બંધ કરી ઓસરીનાં પગથિયાં ચડે છે ત્યાં ડેલીની સાંકળ ખખડી. અત્યારે કોણ હશે? પણ જાણે આવનારને ઉતાવળ છે. પાછી સાંકળ જોર જોરથી ખખડવા લાગી. 'એ આવું છું' કહેતાં કાંતાબહેન ડેલી ખોલવા ગયાં, પણ હજી સાંકળ ઉઘડે ન ઉઘડે ત્યાં બારણાં ને ધક્કો મારીને નંદુબાઈ અંદર ધસી આવી. પણ કેવી નંદુબાઈ? રડી રડીને આંખો સૂઝીને લાલ થઈ ગઈ છે. અવાજ બેસી ગયો છે. વાળ અસ્તવ્યસ્ત છે. કાંખમાં પાંચેક વર્ષનું બાળક છે. ''માસ્તરકાકા.....માસ્તરકાકા મારા વરને બચાવી લ્યો હું તમારી આગળ ખોળો પાથરું છું હવે મને અહીંથી કાઢતા નહીં મને મદદ કરો'' રોઈ પડી નંદુબાઈ. નાના બાળકે ખોળામાંથી ઊભા થઈ માનાં આંસુ લૂછ્યાં, બોલ્યો ''મા રડ નહીં'' ''અરે નંદુબાઈ શું વાત છે? બેસો'' માસ્તરકાકા અંદર જવાની તૈયારી કરતા હતા તે પાછા ખુરશી પર બેઠા. કાંતાબહેન નંદુબાઈની પાસે ગયાં ''નંદુબાઈ શું થયું છે? માંડીને વાત કરો.''

નંદુબાઈનો વર શહેરમાં નોકરી કરે છે. તેને અકસ્માત થયો છે. હૉસ્પિટલમાં દાખલ કર્યો છે. તાત્કાલિક ઑપરેશન કરાવવાનું છે. કાલ ને કાલ નંદુબાઈએ પૈસા લઈને ત્યાં પહોંચવાનું છે. નંદુબાઈ ગામમાં બધે ફરીવળી પણ આટલી મોટી રકમની વ્યવસ્થા અચાનક કેમ થઈ શકે? છેવટે માસ્તરકાકાને આંગણે આવી છે.

માસ્તરકાકાએ મનોમન નિઃસાસો મૂક્યો. અરેરે... ડૂબતો માણસ તરણું પકડે એમ આ બાઈ અહીં આવી છે, પણ માસ્તરના ઘરમાંથી શું મળે? કહ્યું ''પણ નંદુબાઈ છબીલશેઠ, તખુભાબાપુ કે નાથા પટેલને ત્યાં જઈ આવ્યાં?'' ''માસ્તરકાકા ઈ કોઈ ગામમાં નથી. હું તો સાવ હિંમત હારી ગઈ છું.''

વાત ગંભીર હતી. કાંતાબહેનના મનમાં કંઈક સ્ફૂરણા થઈ.'' ધીમેથી માસ્તરકાકાને કહ્યું આપણી પાસે હર્ષવદનભાઈના પૈસા પડ્યા છે. આપવા હોય તો...''

''પણ એ પૈસા તો કોઈની અમાનત છે, આપણા નથી – આપણાથી કેમ અપાય?''

વર્ષો પહેલાં ગામ છોડીને ગામનાં ઘરબાર વેચીને કલકત્તા સ્થાયી થયેલ કસ્તૂરચંદ શેઠે ત્યાં સારી જમાવટ કરી. એના દીકરા હર્ષવદનને પોતાના બાપ-દાદાના ગામનું જૂનું મકાન પાછું લેવાની ઇચ્છા છે. એને ખબર મળ્યા કે પાનાચંદ શેઠ એ મકાન વેચવાના છે. આથી તાબડતોબ દેશમાં આવીને પચ્ચીસ હજાર જેવી રકમ આપી ગયો છે, માસ્તરકાકાને – જ્યારે એ મકાન વેચાવા નીકળે ત્યારે સોદો કરી નાખજો.

'' માસ્તરકાકા હું મારું ઘર વેચીને પણ તમને

રકમ ચૂકવી દઈશ, પણ મને નિરાશ કરતા નહીં તમારે પગે પડું છું.''

કાંતાબહેન અંદરથી પૈસા લાવ્યાં માસ્તરકાકાએ પૈસા નંદુબાઈને આપ્યા. માસ્તરકાકાના પગ પકડી લીધા નંદુબાઈએ ''માસ્તરકાકા તમે મારા ભગવાન છો મારી ચામડીના જોડા તમારે માટે સિવડાવું તોય ઋણ ન ચૂકવી શકાય.'' ને પછી કાંખમાં છોકરાને લઈને ઝડપભેર બહાર નીકળી ગઈ. તે દિ'ની ઘડી ને આજનો દિ. નંદુબાઈ કોઈ વાર પાછી આવી નહીં. તપાસ કરાવતાં ખબર પડી કે નંદુબાઈના વર પ્રાગજીનું ઑપરેશન થયું, પણ બચી શક્યો નહીં અને નંદુબાઈના પણ ત્યાર પછી કંઈ અત્તાપત્તા મળ્યાં નહીં, વર્ષો વીતી ગયાં ને હર્ષવદનને આપેલ વાયદો પૂરો કરવા માસ્તરકાકાએ પોતાનું મકાન વેચવું પડ્યું.

જૂના જમાનાના એ દિવસો કેવા સોનેરી હતા! બાજુની ગામની શાળામાં એ શિક્ષક. બે ગામની વચ્ચે ખળખળ વહેતી નદી. નદીનાં વહેતાં પાણીમાંથી છબછબ કરતાં નદીપાર કરવાની. શિયાળાની સવારમાં કડકડતી ટાઢમાં ક્લાસ રૂમ છોડીને મેદાનમાં કુમળા ઘાસ ઉપર ઊગતા સૂરજનાં સોનેરી કિરણોમાં બાળકોને કાવ્ય ભણાવતા.

ઊગે છે સુરખીભર્યો રવિ મૃદુ, હેમંતનો પૂર્વમાં
ભૂરૂં છે નભ સ્વચ્છ સ્વચ્છ દીસતી એકે નથી વાદળી.

કેવું તાદત્મ્ય સધાઈ જતું કુદરત સાથે. ગુજરાતી ભાષામાં કવિતા પણ કેવી કર્ણમંજુલ ઘંટડીના રણકાર સમી રહેતી.

એક સવારે આવી મુજને કોણ ગયું ઝળકાવી
વસંતની ફૂલમાળા પહેરી કોકીલની લઈ બંસી
પરાગની પાવડીએ આવી કોણ ગયું ઉર પેસી

માસ્તરકાકાને થયું, આજકાલના ઈંગ્લિશ મીડિયમનાં બાળકો ગુજરાતી સમજી બોલી શકશે કેમ કે ઘરમાં બોલવામાં ગુજરાતી ભાષા વપરાય છે, પણ એ બાળકો ગુજરાતી લખી કે વાંચી શકશે નહીં કેમ કે એ ભણ્યાં નહીં હોય. આમ કાળક્રમે ગુજરાતી સાહિત્ય વિલાઈ જશે.

ઊંડા વિચારમાંથી આવતાં બોલ્યા, 'સકાંતા થોડા દિવસ પહેલાં દિકુને હું રાણીબાગ ફરવા લઈ ગયેલ, એને સિંહ, વાઘ, હાથીની ઓળખાણ ન હતી. એને એ બધા લાયન, ટાઈગર અને એલિફન્ટ હતાં. મેં એને એક કમળ બતાવીને કહ્યું જો દીકુ આ કમળ કેવું સુંદર ફૂલ છે? તો કહે, દાદાજી, આ કમળ નહીં લોટસ છે. કાંતા એ દિવસથી મેં નક્કી કરેલ કે દીકુને સ્કૂલમાં ભલે ગુજરાતી ન ભણાવાય, એને ઘરમાં હું શીખવીશ ગુજરાતી લખતાં-વાંચતાં.''

''હું જાણું છું તમારી વાત સાચી છે, પ્રયત્નો પણ સારા છે, પણ હવે આપણે એમાં શું કરી શકીએ? લાચાર છીએ.''

''કાંતા મેં આખી જિંદગી બાળકોને ગુજરાતી ભણાવ્યાં, મારા બાપુ પણ શિક્ષક હતા ને મારા દાદા પણ આજીવન શિક્ષક રહ્યા. આમ ત્રણ ત્રણ પેઢીથી ગુજરાતી શીખવનાર એવા મારા જ કુટુંબમાં-ઘરમાંથી ગુજરાતી સાહિત્ય અસ્ત પામી રહ્યું છે. આવું બધું વિચારતાં મન ચચરી ઊઠે છે... ત્યાં ગામમાં મારી પાસે પોતાનાં બાળકો ભણાવવા મા-

બાપો તલસી રહેતા અને અહીં.... કાંતા આટલાં વર્ષોમાં પહેલી વાર.... પહેલી વાર ગામડાંનું આપણું ઘર આપણે વેચવું પડ્યું એનો અફસોસ થાય છે... એ ઘર આપણા હાથમાં હોત તો આપણે....

ત્યાં ટેલિફોનની ઘંટડી વાગી. હમણાં સુરભિ ફોન લેવા અહીં આવશે એમ માની બંને ચૂપ થયાં. અંદરથી ઝડપભેર આવીને સુરભિએ ફોન લીધો. ''હલ્લો... હાજી... શું??? ...ફોનમાં આવતા અવાજને સુરભિ ફાટી આંખે સાંભળતી રહી... ના... ના... પણ હલ્લો... હલ્લો હાથમાંથી રિસિવર સરી પડ્યું ને નીચે ઝૂલી રહ્યું, સુરભિ નીચે ફસડાઈ પડી. ''શું થયું બેટા... કોનો ફોન હતો?'' કહેતાં કાંતાબહેન સુરભિ પાસે પહોંચ્યાં.

વજ્રપાત થયો. નાના દીકુને કિડનેપ કરવામાં આવ્યો છે. મોટી રકમની માગણી છે. ત્રણ દિવસમાં બે કરોડ આપવાના છે. પોલીસને જાણ કરી તો... ઘરમાં સન્નાટો છવાઈ ગયો. - રાંધ્યાં ધાન રઝળી પડ્યાં. સુરભિ આઘાતમાં જાણે અભાન અવસ્થામાં સરી પડી. કાંતાબહેન પોતાના રૂમમાં રાખેલ પૂજાના કબાટ પાસે માળા લઈને બેસી ગયાં.

માસ્તરકાકાના હૃદયમાં હાહાકાર થઈ રહ્યો. નાના બાળકની અજાણ્યા ગુંડાઓ વચ્ચે શું વીતતી હશે? બેફામ અઢળક કમાણીની આ આડઅસર. મોટા શહેરની આ વરવી વાસ્તવિકતા. આવા બધા વિચારો હડસેલી 'ૐ ત્ર્યંબકમ યજામહે...'ના પાઠમાં લાગી ગયા, પણ છતાં મનોમંથન ચાલુ રહ્યું. જીવનમાં કંઈ પણ સારું કે ખરાબ બને તો તેના મૂળ સુધી જતાં છેવટે મૂળમાં આપણે જ હોઈએ છીએ. પિતાજી, મા, હું કે કાંતા મરતાંને પણ મર કહે એવા સ્વભાવવાળાં. દુનિયામાં નિસ્વાર્થ ભાવે બધાને કંઈ ને કંઈ આપ્યું જ છે – તો પછી આ ક્ષતિ ક્યાં આવી? હા દેવેન્દ્રનું અહીંનું જીવન – એના વ્યવહાર – અઢળક કમાણી – ધંધાના હરીફો કોઈની ઈર્ષ્યા–અદેખાઈ–લાલચ એ બધાનું મૂળ શોધવા જતાં કોણ મળે? એમાં ફૂલનો શો વાંક?

આ બધી હૈયાહોળીમાં દિવસ વીત્યો. બીજા દિવસે રાત્રે ડોરબેલ રણકી ઊઠી. દેવેન્દ્રએ બારણું ખોલ્યું.

''દેવેન્દ્ર પાઠક અહીં રહે છે?'' અને જવાબ સાંભળ્યા સિવાય બારણાને ધક્કો મારીને એક માણસ અંદર દાખલ થયો અને બારણું બંધ કર્યું. ઊંચો–મોટો ને મોટી મૂછવાળા આ કદાવર માણસને જોઈને બધા સમસમી ગયાં.

એણે ખિસ્સામાંથી મોબાઈલ કાઢીને કોઈને જોડ્યો ને પછી મોબાઈલ દેવેન્દ્રના હાથમાં આપ્યો. આદેશ હતો. આવનારા માણસને પચાસ લાખ આપી દેજો. હબક ખાઈ ગયેલ દેવેન્દ્ર અંદર જઈ પૈસાનું પૅકેટ લઈ આવ્યો – ''લો આ પચાસ લાખ પૂરા.''

આ બધી ધમાલ સાંભળી કાંતાબહેન અંદરના રૂમમાંથી માળા કરતાં કરતાં બહાર આવ્યાં. એક તો નાના દીકુની ચિંતા ને એમાંથી બે–ચાર દિવસ પહેલાં વલોપાત કરાવનાર છાપાંમાં આવેલ સમાચાર કે

અપહરણ કરાયેલ બાળકની ગુંડાઓએ કરેલ હત્યા, એમાં વળી ૨ કરોડની માગણી સામે અત્યારે દેવેન્દ્ર ફક્ત ૫૦ લાખ આપે છે એ જાણી કંઈ ન બનવાનું બની જાય એના આઘાતમાં ને એના સંતાપમાં ઊકળી ઊઠ્યાં કાંતાબહેન.

''આ શું દેવેન?... આને પૂરી રકમ શા માટે આપી નથી દેતો? વહેલા મોડા આપવાના છે ને? તો અત્યારે કેમ નહીં? છોકરો ૨૪ કલાકથી ઘરમાં નથી એની ચિંતા છે કે નહીં? જમાનો કેવો ખરાબ છે તે ખબર નથી? અત્યારે સગવડ ન હોય તો વેચી નાખો દાગીના, આ ઘર જે કંઈ કરવું હોય તે કરો... આ તારા બાપે ગામડાંની ઓલી નંદુબાઈના વરની જિંદગી બચાવવા પોતાનું મકાન હોડમાં મૂકી દીધું, જ્યારે તારે તો આ પંડનો છોકરો છે. આ શું લાલિયાવેડા?''

''મમ્મી... મમ્મી શાંત થા. પૈસા તો આપવાના જ છે, પણ અત્યારે એ લોકોએ ફક્ત આટલા જ મગાવ્યા છે.''

આ બધી ધમાલ વચ્ચે પેલો માણસ ક્યારે ઘરમાંથી ચાલ્યો ગયો તેની કોઈને ખબર ન પડી. પૈસાનું પેકેટ પણ ન લઈ ગયો. સુરભિ આક્રોશથી બોલી ઊઠી ''મમ્મીજી તમારે આવું બધું બોલવાની શું જરૂર હતી? અમને કંઈ નહીં પડી હોય અમારા દીકરાની? પેલાને એમ જ લાગ્યું હશે કે આ લોકો પાસે પૈસાની સગવડ નથી એટલે જ આ પૈસા પણ લીધાં સિવાય ચાલ્યો ગયો... હે ભગવાન! હવે શું થશે મારા દીકુનું?'' આમ બોલતાં તેને ચક્કર આવી ગયાં ને નીચે ફસડાઈ પડી.

કાંતાબહેન પણ હતપ્રભ થઈ ગયાં - ''હે ભગવાન આ મારાથી શું થઈ ગયું? મને કંઈ જ ખબર નહીં કે આ લોકોએ આટલા જ પૈસા માગેલા. હુંય મૂઈ કેવી હૈયા ફૂટી ન બોલવાનું બોલી ગઈ... હે દીનાનાથ હવે તારે ભરોસે છે બધું.'' કહેતાં નીચે ફસડાઈ પડ્યાં.

હવે શું કરવું? પાર્ટીનો સંપર્ક પણ કેમ કરવો. ફોન પણ લૅન્ડલાઈન દ્વારા આવેલ. જાણે બધા દરવાજા બંધ થઈ ગયા. બધાં ખાધાં-પીધાં વિના રડી રડીને સૂઝેલી આંખે સૂનમૂન થઈને મોડી રાત સુધી બેસી રહ્યાં.

રાત્રે બાર વાગ્યે ડોરબેલ વાગી. દેવેન્દ્રએ દોડીને દરવાજો ખોલ્યો - એ જ પેલો કદાવર મુછાળો માણસ ઘરમાં દાખલ થયો, પણ એના ખભે સફેદ ચાદરમાં વીંટાળેલ કંઈક પોટલા જેવું છે. માસ્તરકાકાના હાથમાં માળા સ્થિર થઈ ગઈ ને આંખો ફાટી ગઈ. કાંતાબહેન આવું કાંઈ જોઈ શકાશે નહીં એમ સમજી દીવાલ તરફ મોઢું કરી ઊભાં રહ્યાં. સુરભિ માંડ માંડ હોંશમાં આવેલ ત્યાં આ જોઈને ચીસ પાડવા મોઢું ફાડ્યું પણ અવાજ નીકળ્યો નહીં. અવાચક થઈ ગઈ.

...ને દેવેન્દ્રના મગજમાં હથોડાની જેમ પ્રશ્ન ઝીંકાઈ રહ્યો - પણ હજુ તો બે જ દિવસ થયા છે... તો પછી આમ કેમ? ઉજ્જડ આંખે જોઈ રહ્યો.

પેલાએ ખભેથી પોટલું ઉતારી નીચે મૂક્યું ને બોલ્યો. ''બાબાભાઈ, ઊઠો જુઓ આપણે ક્યાં આવ્યા છીએ?

બાળક આંખો ચોળીની ઊભું થયું. પેલો બોલ્યો ''જાઓ, દાદાજી-દાદીજીને પગે લાગો.'' અને નાનો દીકુ કંઈ સમજે તે પહેલાં પેલા માણસે માસ્તરકાકાના પગ પકડી લીધા.

''બાપુજી મને માફ કરો, મારાથી બહુ મોટું પાપ થઈ ગયું છે. હું તમને ઓળખી ન શક્યો.''

માસ્તરકાકા કંઈ સમજી શક્યા નહીં. બોલ્યા, : ''ભાઈ તમે કોણ છો? હું પણ તમને ઓળખી શક્યો નથી.''

''બાપુજી, હું નંદુબાઈનો દીકરો. આજે બાએ નંદુબાઈની વાત કરી ને હું ચમક્યો, બાપુજી જેણે મારા બાપુને બચાવવા પૈસા આપેલા તેના જ ઘરમાં મેં આ શું કર્યું?

ટૂંકમાં વીતક કથા કહી.

-બાપુજીના ઑપરેશન પછી હૉસ્પિટલે શોર્ટકર્ટથી પહોંચવા રેલવેની ઊભેલી માલગાડી નીચેથી નીકળતાં એ નીકળી ગયો, પણ નંદુબાઈ નીકળવા ગઈ ત્યાં ગાડી ચાલુ થઈ ને નંદુબાઈ... પછી તો રખડપાટ-રઝળપાટ કરતાં બાળકમાંથી જુવાન થયો, આડાંઅવળાં કામ કરતાં આ રસ્તે પહોંચ્યો. ''બાપુજી, આ બહુ મોટી ગૅન્ગ છે. હું તો ચિઠ્ઠીનો ચાકર સાવ નાનો માણસ છું. મારે આ છોકરાને સાચવવાનો હતો, પણ હવે આ તમારી અમાનત તમારે હવાલે કરું છું - મારું જે થાય તે.

બધાં અવાચક બનીને સાંભળી રહ્યાં. દીકુ માને વળગી પડ્યો. ''બાપુજી, હવે એ લોકો મને જીવતો નહીં મૂકે, પણ...'' એમ કહેતાં એણે પાકીટમાંથી એક ચાવી કાઢી ''આ ગામડાના મારા ઘરની ચાવી છે. મારી બા કહેતી હતી કે આપણે પૈસાના બદલામાં બાપુજીને આપણું ઘર આપી દેશું, ત્યાં એ ગામનાં છોકરાવને ભણાવશે. તો લો બાપુજી આ ઘરની ચાવી ને મારી બાની ઇચ્છા પૂરી કરજો.'' આમ કહી માસ્તરકાકા-કાંતાબહેનને પગે લાગીને ઝડપભેર બહાર નીકળી ગયો.

માસ્તરકાકા બોલ્યા, ''ભલે ભાઈ હું તારી માની ઇચ્છા પૂરી કરીશ.'' સુરભિ દોડીને માસ્તરકાકાના પગમાં પડી ગઈ.

''ના પપ્પાજી તમારે હવે ક્યાંય જવાનું નથી.''

દેવેન્દ્રએ પણ કહ્યું, ''બાપુજી હવે આ ઉંમરે કંઈ કરવું નથી હવે આરામથી અહીં રહો.''

''ના દેવેન, હું આપણે ગામ જઈશ. નંદુબાઈનું ઘર ખોલીને ત્યાં રહીશ ને ગામનાં છોકરાંઓને ભણાવીશ. મારી આ જીવનસંધ્યાએ મને આ જાણે મારા નવા જીવનનો સૂર્યદય દેખાય છે.

**નિખિલ દેસાઈ**

પ્રથમ વિજેતા કૃતિ

''નવરસ ૨૦૧૬''

વયજૂથ : ૬૬થી વધુ

# ઉદ્વેગ

'ધડામ' દઈને બારણું પછડાયું. વર્ષાએ જોયું તો રીના એના રૂમમાં ઝડપથી ચાલી ગઈ હતી. તેણે મનમાં કાંઈક અટકળો કરી કે આમ અચાનક સ્કૂલેથી આવીને ગુસ્સે થઈ વહુરાણી શા માટે રૂમમાં જતી રહી હશે? કંઈ સમજણ ન પડતાં તે પોતાના રસોડાના કામમાં પરોવાઈ ગઈ.

ફોનની ઘંટડી વાગતાં જ વર્ષા રસોડામાંથી બહાર આવી. ફોન સુધી પહોંચે તે પહેલાં જ રીના ઝડપથી રૂમમાંથી બહાર આવી. વર્ષા ત્યાં જ અટકી ગઈ. ફોન પર રીના મોબાઈલવાળાને સખત રીતે ખખડાવી રહી હતી. વર્ષા સમજી શકી કે રીનાનો મોબાઈલ માટે હતો. આથી તેણે સહજ સહાનુભૂતિથી કહ્યું, ''અરે રીપેર થઈ જશે. બે દિવસ મોબાઈલ નહીં હોય તો શું થઈ ગયું?''

બસ આટલી જ વાત અને રીના બોલી ઊઠી, ''તમને શું ખબર પડે કે મોબાઈલ વિના કેવી રીતે કામ થાય. તમારી નોકરીએ જવું છે? તમારે પાંચ જણને કૉન્ટેક્ટ કરવાના હોય છે? અરે દસ વેબસાઈટ વેબસાઈટ શોધીને પ્રૉજેક્ટ કરવાના હોય છે?'' રીના પગ પછાડી રૂમમાં ચાલી જતાં કહેતી ગઈ, ''આજે મારે જમવું નથી, તમે પરવારી જજો.''

બહારથી બૅન્કનું કામ પતાવીને આવેલા મનહરભાઈ હાશ અનુભવતા ઘરમાં આવ્યા, ''વર્ષા, આજે બૅન્કમાં કામ જલદી પૂરું થઈ ગયું. ચાલ થાળી પીરસ, ભૂખ લાગી છે.''

વર્ષાના ચહેરાની નસો તંગ થઈ ગઈ. તેણે કંઈક દ્વિધાથી રીનાના રૂમ તરફ જોયું. મનહરભાઈ પરિસ્થિતિ તુરંત કળી ગયા. તેમણે રીનાના રૂમ પર ટકોરા મારતાં કહ્યું, ''બેટા હું આવી ગયો છું. જમવા ચાલ.''

થોડી વારમાં રીનાના રૂમનું બારણું 'ધડામ' દઈને ખૂલ્યું અને બારણામાંથી જ તેણે કહ્યું, ''મમ્મીએ કહ્યું નથી કે હું જમવાની નથી?''

કાંઈ પણ બોલ્યા વિના વર્ષા ગૅસ પર ઊકળતી દાળને જોઈ રહી. વહુરાણીના કોપના કારણનું તારણ ન મળતાં મનહરભાઈ બોલ્યા, ''શું મોબાઈલ પર રાકેશ સાથે ઝઘડો થયો?''

પ્રશ્ન સાથે જ રીનાનો ગુસ્સો ભભૂકી ઊઠ્યો. ''ધૂળ મોબાઈલ પર ઝઘડો થયો! આ ઘરમાં મને મોબાઈલના નામે શાંતિ જ ક્યાં છે?''

મનહરભાઈ બોલ્યા, ''અરે હમણાં જ તો નવો મોબાઈલ લીધો છે!''

રીના તાડૂકી, ''અરે એની જ તો મોંકાણ છે. મહિનામાં બીજી વાર બગડી ગયો. ન જાણે કેવો મોબાઈલ લઈ આવ્યો છે. મને ગમતા આઈ ફોન લેવાના પૈસા તો તમારા દીકરા પાસે હતા નહીં અને વર્ષગાંઠ પર જાણે છોકરું પટાવતો હોય તેમ આ સસ્તો મોબાઈલ  અને એ પણ દિલ્હીથી લઈ આવ્યો. અહીં રીપેર જ કેવી રીતે થાય?''

'ધડામ' દઈ બારણું પછાડી રીના રૂમમાં જતી રહી.

રૂમમાં સૂતેલી રીનાના મનમાં અજબ ઊથલપાથલ ચાલી રહી હતી. મોબાઈલ ન હોવાથી પોતાના શરીરનું એક અંગ વિખૂટું પડી ગયાનો અનુભવ એ કરતી. એ છતને નિહાળી રહી. વાંચનનો શોખ ધરાવતા રાકેશના રૂમમાં કબાટમાં ભરેલી ચોપડીઓ રીના સામે મંદ મંદ હસી રહી હતી, જ્યારે સાઈડ ટેબલ પર પડેલા મેગેઝિનોનો ખિલખિલાટ સાંભળવા રીના ક્યાં સમર્થ હતી?

આમાં જ ઊંઘ ક્યાં આવી ગઈ તેની ખબર ન પડી. આંખ ખૂલતાં જ મોબાઈલ લેવા તેનો હાથ લંબાયો, પણ પછી તેનાથી નિસાસો નખાઈ ગયો.

ઘરનો મેઈન ગેટ ખૂલ્યો અને રાકેશનું સ્કૂટર કમ્પાઉન્ડમાં પાર્ક થયું. રીના ઝડપથી - આતુરતાથી બહાર આવી. બારણું ખૂલતાં જ રાકેશ અંદર આવ્યો. ઘરે વહેલા આવવાની ખુશી તેના મોં પર સ્પષ્ટ દેખાતી હતી.

રીના તેના પર વરસી જ પડી, ''મારો મોબાઈલ લાવ્યો?''

રાકેશે કહ્યું, ''કાલે મળી જશે, હજી રીપેર થયો નથી.''

રીના રાકેશ પર તાડૂકી, ''અરે બપોરે તો કહેતી હતી કે સાંજે મળી જશે. મેં તને કહ્યું કે ત્યાં રીપેર કરવા ન આપ. પણ આપણે તો સસ્તી દુકાન જોઈએને? આજે શ્રેયાએ પણ સ્કૂલમાં કહ્યું કે તેનો મોબાઈલ તેને ચાર કલાકમાં રીપેર થઈ મળી ગયો. અને મારા મોબાઈલનો પત્તો જ નથી. સસ્તી દુકાન અને સસ્તો મોબાઈલ પછી શું થાય?''

રાકેશે કહ્યું, ''અરે બે દિવસ મોબાઈલ નથી તો શું થઈ ગયું?''

બસ, રીનાનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો.

''શું બપોરથી મા-દીકરો મંડી પડ્યા છો? મારે પ્રૉગ્રામની તૈયારી કરવાની છે. શ્રેયાએ તો મોબાઈલ પરથી એપ્સ ડાઉનલોડ કરીને તૈયારી કરી પણ લીધી. આજે હું મારા ક્લાસના પ્રૉગ્રામના ફોટા પણ ન પાડી શકી. અરે... સ્કૂલના અપડેટ્સ તો મને મળ્યા જ નથી. કાલે શું કરવું તે હું કેવી રીતે નક્કી કરી શકું અને તું મને કહે છે મોબાઈલ નહીં તો શું થયું?''

રાકેશે હાથ લંબાવી પોતાનો મોબાઈલ આપતાં કહ્યું, ''લે, મારો મોબાઈલ વાપર...''

રીનાએ ગુસ્સાથી કહ્યું, ''મારે તારા મોબાઈલની જરૂર નથી. મારે તારી પણ જરૂર નથી.''

તે પગ પછાડતી રૂમ તરફ ઝડપથી ચાલી ગઈ, પણ બંધ કરેલું બારણું ધડામ કરીને તેના માથા સાથે ભટકાણું અને રીના ફસડાઈ પડી.

જ્યારે રીના જાગૃત થઈ ત્યારે તેના માથા પર સાસુનો પ્રેમાળ હાથ ફરતો હતો. આંખ ખોલતાં સામે ડ્રીપનો બાટલો ચાલતો હતો. તે કાંઈ બોલી શકી નહીં.

મૌનના સથવારે કેટલોક વખત નીકળી ગયો. હૉસ્પિટલના રૂમનું બારણું ખૂલ્યું અને રાકેશે અંદર આવતાં જ કહ્યું, ''રીના, તારો મોબાઈલ દુકાન ખૂલતાં જ લઈ આવ્યો છું. રીપેર થઈ ગયો છે.'' તેણે જ્યાં મોબાઈલ ટેબલ પર મૂક્યો ત્યાં તેની ઘંટડી રણકી. રાકેશ મોબાઈલ લઈને ધ્રૂજતા હાથે રીનાને આપવા ગયો ત્યાં તેના હાથમાંથી મોબાઈલ સરી પડ્યો. રાકેશ જ્યાં મોબાઈલ લેવા નીચે નમ્યો ત્યાં રીનાએ તેનો હાથ પકડીને તેને આંખના ઈશારાથી અટકાવ્યો. તેની અર્ધખુલી આંખોમાંથી અશ્રુ વહી રહ્યા હતા અને એ અશ્રુમાં તેના અંતરનો ઉદ્વેગ ઓસરી રહ્યો હતો.

**અચલા વોરા**

પ્રથમ વિજેતા કૃતિ

''નવરસ ૨૦૧૬''

વયજૂથ : ૫૧થી ૬૫

# આનંદ રસ

''कम्बु कुन्देन्दु कर्पूर गौरं शिवम् ।
सुन्दरं सच्चिदानंद कंदम ।
आनंद कंदम् ।।''

...આવી સુમધુર સ્વરાવલિ સાથે પ્રખ્યાત નૃત્યુ ગુરુ પંડિત કિશન મહારાજે શિષ્યોને કીર્તનમ્, પદ્મ, ચૌલુક્કેટ્ટુ, ચિત્તસ્વરમ્ વિશે પ્રારંભિક સમજૂતી આપતાં ભરતનાટ્યમ્ નૃત્ય શૈલીમાં નવરસના મહિમા વિશે જ્ઞાત કર્યા, ''શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, બીભત્સ, ભયાનક, શાંત, વીર અને અદ્‌ભુત – આ નવરસનું પ્રદર્શન ભરત નાટ્યમ્ જેવી કલા દ્વારા વિશેષ રૂપે કરી શકાય છે.''

ગુરુજીના આ વિધાનથી કાંક્ષીના મનોમસ્તિષ્કમાં પ્રશ્ન સ્ફૂર્યો, ''શું આ નવ રસનો સાક્ષાત્કાર જીવનમાં પણ થઈ શકે છે, ગુરુજી?'' ''હા બેટી, કેમ નહીં! ભરત નાટ્યમ્‌ની સાધના મનની સંવેદનાઓના આવિર્ભાવનું સબળ માધ્યમ તો છે! આ નૃત્યને તું જીવનમાં ઉતારીશ, તો જ સાચી કલાર્થી બની શકીશ. મને તારામાં એ સંભાવના સ્પષ્ટપણે દેખાય છે.''

...નૃત્ય વર્ગ પરિપૂર્ણ થતાં ગુરુજીના શબ્દો વાગોળતાં કાંક્ષી ઘરે પહોંચી. ત્યાં એણે શું જોયું? ઘર પાસે ઘણા માણસોનું એકત્ર થયેલ ટોળું અને હૈયું વલોવાય તેવું કારમું આક્રંદ. અવશપણે અંદર જતાં જ જાણવા મળેલી અણધારી ઘટનાએ કાંક્ષીના જીવનમાં કપરો વળાંક લાવી દીધો. બિઝનેસમાં મોટી ખોટ જતાં તેના પિતા સિવિયર હાર્ટએટેકથી મૃત્યુ પામ્યા હતા. કાંક્ષીની નિશ્ચિંત અને બિન્ધાસ્તપણ જીવાતી જિંદગી પર જાણે કરુણ રસ હાવી થઈ રહ્યો!

ભરતનાટ્યમ્‌ની ચાર વર્ષની અધૂરી સાધના અને કૉલેજનું અપૂર્ણ શિક્ષણ આજીવિકા મેળવવા માટે અપર્યાપ્ત બન્યાં અને કાંક્ષી બની ગઈ નાનાં બાળકોની ટ્યુશન ટીચર!

જીવનનાં બે અંતિમો ભેગા કરવા શ્વસતી અને મથતી માતાપુત્રીના જીવનમાં કઠિન પરિશ્રમ એકમાત્ર વિકલ્પ બની ગયો.

નવ રસના વૈવિધ્યની જેમ જીવન પણ કેટકેટલી વિવિધતાથી સભર હોય છે! દૂરના સંબંધીની સહાયથી સંસ્કાર સમૃદ્ધિને સાચું ધન માનતા પરંતપ સાથે કાંક્ષીનું જીવન સહજતાથી ગોઠવાઈ ગયું અને સુયોગ્ય પાત્ર મળતાં તેની માતાએ પણ હાશકારો અનુભવ્યો. દાંપત્યજીવનની શૃંગારિક આનંદકેલિ અને હાસ્યની છોળો વચ્ચે કાંક્ષી જીવનના અણમોલ શૃંગાર રસ અને હાસ્યરસને માણી રહી.

અઢળક ધન રાશિ અને પરંતપના આંતરિક

મનોવૈભવ વચ્ચે પણ માતાની આર્થિક પરિસ્થિતિની યાદ આવતાં જ કાંક્ષીના મનમાં એક ટીસ ઊઠી આવતી, એ પરંતપથી અજાણ ક્યાં હતી!

એક વખત પરંતપ કહે, ''કાંક્ષુ ચાલને આપણે તારાં મમ્મીને આપણી સાથે રહેવા બોલાવી લઈએ તો કેવું?'' ત્યારે કાંક્ષીએ ઉત્તર વાળ્યો, ''પરંતપ, તમારી લાગણી હું સમજું છું, પરંતુ મારી સ્વમાની મા માત્ર તમારી આવક પર નિર્ભર રહેવા ક્યારેય તૈયાર ન થાય, તેના શાંત જીવનને શા માટે ડહોળવું?''

...અને આજે અચાનક ''હેપ્પી બર્થડે કાંક્ષી ડિયર...'' કહેતો પરંતપ બર્થડે ગિફ્ટને બદલે કવર લાવ્યો, તેથી કાંક્ષીને આશ્ચર્ય થયું. ધડકતા હૃદયે કવર ખોલતાં જ તેમાંથી નીકળી પડ્યું ભરત નાટ્યમ્‌ના પંચમ વર્ષના એડમિશનનું ફૉર્મ!!! ''કેવી લાગી મારી બર્થડે ગિફ્ટ?!!!'' ''હવે તો તું તારું કલા શિક્ષણ લેવાની સાથે સાથે ગુરુજી પં. કિશન મહારાજની અનુગામી તરીકે નૃત્ય વર્ગો પણ ચલાવી શકીશ. જેનાથી તારાં.... સોરી, આપણાં મમ્મીનું સ્વમાન પણ જળવાઈ રહેશે. એમની લાડકી પુત્રી પર એમનો એટલો તો હક ખરો જ ને!''

પરંતપનું આટલું કહેતાં જ, નવેય રસની અનુભૂતિ પામી ચૂકેલ કાંક્ષીના મનમાં અહર્નિશપણે વ્યાપી રહ્યો – આનંદ રસ.

**હયાતી વોરા**

પ્રથમ વિજેતા કૃતિ

''નવરસ ૨૦૧૬''

વયજૂથ : ૩૬થી ૫૦

# ''સંવેદનાની શોધ - ૨૦૨૫''

પૃથ્વીની ઉત્પત્તિ બાદ પાષાણ યુગથી લઈ યાંત્રિક યુગ સુધી ઘણી બધી શોધખોળ કરવામાં આવી છે. નવી નવી ટેક્નૉલૉજીની શોધ કરાઈ છે જે સંપૂર્ણપણે માનવ મગજના ગતિશીલ તરંગોમાં દોડતા કલ્પનાના ઘોડાને જ આભારી છે. આજના આ યાંત્રિક અને ટેક્નૉલૉજીના યુગમાંની એક કલ્પના છે રોબોટિક્સ. આ યુગમાં મારી કલ્પનાશક્તિઓ પણ કંઈક જાગૃત થઈ છે, જેના આધારે રોબોટિક્સ જેવી ટેક્નૉલૉજીમાં મારી એક કલ્પનામાં મને ભવિષ્યની વાસ્તવિકતા દેખાઈ રહી છે. તો ચાલો આવી જ એક કલ્પના પરના ઘોડાની સફર શરૂ કરીએ.

''આવિષ્કારની દોટમાં ભાન ભૂલ્યો તું માનવ,
આજે બન્યો હુંમાનવ ને યંત્ર બન્યો તું માનવ,
પ્રોગ્રામિંગની ચીપ બેસાડી ચાર્જ કર્યો તે માનવ,
લાગણીની બેટરીથી ડિસ્ચાર્જ થયો તું માનવ,
કરી સર્જન મારું જગત તારું આપ્યું મને માનવ,
અપડેટ કરી મને, જગતમાં મારા જ ખોવાયો તું માનવ.''

શું કહો છો? આ સંવાદ કોની વચ્ચે સર્જાયો હશે? અને કેવા સંજોગોમાં કહેવામાં આવ્યો હશે? એ પરિસ્થિતિનો જરા વિચાર આવતાંની સાથે જ વાર્તાની શરૂઆત થાય છે.

ડૉ. વિલિયમ્સ જે કેલિફોર્નિયા સ્થિત છે, તે અત્યારના સમયના એક પ્રખર વૈજ્ઞાનિક છે જે રોબોટિક્સ જેવી વિકસતી ટેક્નૉલૉજીમાં નિષ્ણાત છે. તેમની કલ્પનાશક્તિએ તો કંઈક સીમાઓ જ ઓળંગી દીધી હતી, જે સામાન્ય માણસની સમજ બહાર હતી. તેમણે દુનિયાને રોબોટનું સર્જન કરી એક અનોખી ભેટ આપી. રોબોટનું નામ રાખવામાં આવ્યું ''વિનિતા''. સ્ત્રીરૂપી રોબોટમાં અમર્યાદિત યાદશક્તિ અને કાર્ય કરવાની ક્ષમતા હતી. આ રોબોટ કેવી રીતે કાર્ય કરશે તેની કોઈને કશી જ ખબર નહોતી. શરૂઆતમાં તો તે માત્ર ઈન્સ્ટોલ કરેલા પ્રોગ્રામ અને ફીચર્સ તથા ડૉ. વિલિયમ્સના કમાન્ડ પર જ કાર્ય કરતી. વિનિતાને સ્ત્રીનું રૂપ આપવામાં આવ્યું હતું. તેનો દેખાવ ખૂબ આકર્ષક હતો. જુઓ તો જાણે આબેહૂબ સ્ત્રી જ. રોબોટ હોવાનો અણસાર સુદ્ધાં ન આવે. આવી વિનિતામાં દરેક વસ્તુઓ હતી. તે શબ્દોને સમજી શકતી હતી. સ્પર્શ, અનેક ભાષાઓ ઉપરાંત અવાજ પણ ઓળખી શકતી હતી. તેનામાં જે એક વસ્તુ નહોતી તે માત્ર ને માત્ર લાગણી, પ્રેમ, સંવેદનાઓ. જે તેને એક સામાન્ય સ્ત્રીથી અલગ પાડી દેતી હતી. ડૉ. વિલિયમ્સ તેની આ શોધને એક અલગ જ શિખર પર લઈ જવા ઇચ્છતા હતા. તેથી તે વિનિતા પર પ્રયોગો કરતા. હવે જે વિનિતા કમાન્ડ પ્રમાણે કાર્ય કરતી તે ડૉ. વિલિયમ્સે કરેલા અપડેશન પછી ઑટો ફંક્શનિંગ દ્વારા પોતે જ પોતાના પ્રોગ્રામ બનાવતી થઈ ગઈ હતી. એટલે કે પરિસ્થિતિ સમય અને સંજોગ અનુસાર જાતે જ કાર્ય કરતી થઈ ગઈ હતી. આ આવિષ્કારથી ડૉ. વિલિયમ્સની સફળતાની ટોપીમાં સોનેરી પીંછું ઉમેરાઈ ગયું.

આવી આ શોધ પછી ભારતમાં વૈજ્ઞાનિકોની ગ્લોબલ સમિટનું આયોજન કરવામાં આવ્યું. તેમાં કેલિફોર્નિયા સ્થિત ડૉ. વિલિયમ્સને ખાસ આમંત્રણ આપવામાં આવ્યું. ભારતમાં તેમણે તેમના પિતાના મિત્ર ડૉ. વોરાના ઘરે રહેવાનું પસંદ કર્યું. વિનિતા પણ સાથે હતી. ડૉ. વોરા એક પ્રખર વિજ્ઞાની હતા. તેમના પરિવારમાં તેમની પુત્રી વિદિતા, જે રોબોટિક્સ વિષયમાં સંશોધન કરી રહી હતી તે અને તેમનો પુત્ર અને તેનો પરિવાર પણ હતો. આજ સુધી વિનિતાએ પરિવાર ક્યારેય જોયો ન હતો. વિનિતા તેની અસામાન્ય ગ્રહણશક્તિને લીધે ભારતીય પરિવાર સાથે રહેતાં ધીરે ધીરે તે વ્યક્તિની જરૂરિયાતો તથા સંબંધો વિશે સમજવા લાગી હતી. સંવેદના વ્યક્તિ પ્રત્યેની લાગણી શું છે એ હવે અનુભવવા લાગી હતી. વિનિતાના શરીરમાં જીવંત રહેવા કાર્યરત બેટરી ધીરે ધીરે હૃદયમાં પરિવર્તન થવા માંડી હતી. તેના શરીરની કૃત્રિમ ઊર્જા હવે કુદરતી લાગણીની ઊર્જામાં વહેવા માંડી હતી અને લાગણી/પ્રેમના તાંતણાઓ વણવા માંડી હતી. ડૉ. વિલિયમ્સે ચીપમાં મૂકેલી પાવરની ફૉર્મ્યુલા P ને બદલે હવે કંઈક નવી ફૉર્મ્યુલા કામ કરવા માંડી હતી જે પ્રેમની ફૉર્મ્યુલા ♡=(U +Me)x 00 જેમાં તે પોતાને માત્ર ડૉ. વિલિયમ્સ સાથે જોડી ઈન્ફિનિટ સાથે ગુણાકાર કરી અપાર પ્રેમ દર્શાવતી થઈ હતી.

તો બીજી તરફ વિદિતા પણ ડૉ. વિલિયમ્સના તેની સાથેના સતત સહવાસથી તેના તરફ પ્રેમના પ્રવાહમાં તણાતી ગઈ અને ડૉ. વિલિયમ્સની વિશેષ કાળજી રાખવા માંડી. જેના પરિણામ સ્વરૂપે જે ડૉ. વિલિયમ્સ માત્ર કાર્યને જીવન માનતા હતા તેના પાષાણ હૃદયમાં પણ ♡=(U +Me)x00 જેવી ફૉર્મ્યુલા એક નવી જ ઉત્પન્ન કરી રહી હતી.

વિદિતા સાથે ડૉ. વિલિયમ્સનો રોબોટ પરનો અભ્યાસ ચાલતો હતો. જેમાં સતત વિદિતા અને તેની વચ્ચે ઉત્પન્ન થયેલા પ્રેમના તરંગો ચુંબકની જેમ એકબીજાને આકર્ષી સતત સહવાસ ઝંખતા હતા. જેને કારણે વિનિતા ડૉ. વિલિયમ્સથી દૂર થઈ જવાનો ભય અનુભવતી હતી.

એક દિવસ અભ્યાસ દરમિયાન ડૉ. વિલિયમ્સને વિનિતાની આંખોમાં વિદિતા પ્રત્યેના સ્ત્રી સહજ એવા કંઈક જુદા જ ભાવો અને અસલામતીનો અનુભવ થઈ રહ્યો હતો. જેણે તેમને વિચારમાં નાખી દીધા હતા. ડૉ. વિલિયમ્સ માટે આ અપડેટ સમજની બહાર હતો. તેઓ મૂંઝવણમાં મુકાયા કે આ તેમનો આવિષ્કાર કે પ્રોગ્રામિંગમાં ભૂલ હશે? આ વિશેની ચર્ચા તેણે વિદિતા સાથે કરવાનું નક્કી કર્યું. ત્યારે તે બન્ને વચ્ચેનો સંવાદ શરૂ થયો જે વિનિતા સાંભળી રહી છે તેવો તે બન્નેને ખયાલ ન હતો. જે સંવાદ કંઈક આ રીતે સર્જાયો હતો.

**ડૉ. વિલિયમ્સ :** (વિદિતાને) તારી સાથે વિનિતા પર વધારે અભ્યાસ કરતી વખતે વિનિતાના તારા પ્રત્યેના વર્તનમાં આવેલા બદલાવની તે કશી નોંધ લીધી?

**વિદિતા :** ના મેં કશી નોંધ નથી લીધી.

**ડૉ. વિલિયમ્સ :** આજે અભ્યાસ કરતી વેળાએ મને વિનિતાની આંખોમાં તારા પ્રત્યેના કંઈક જુદા જ સ્ત્રીસહજ ભાવો જોવા મળ્યા. જેણે મારા આવિષ્કાર કે પ્રોગ્રામિંગની ભૂલ એવો સવાલ ઊભો કરવા મજબૂર કર્યો છે. જો વિનિતા આવી જ રીતે પોતાની રીતે અલગ અલગ ભાવો ઉત્પન્ન કરવા લાગી તો એક દિવસ એ માનવજાતિ માટે પડકાર રૂપ બની જશે. એટલે જ કદાચ શક્ય તેટલું વહેલું મારે વિનિતાને ડિસ્ટ્રોઈ કરવી જ પડશે. (ડૉ. વિલિયમ્સને એ જ યોગ્ય લાગ્યું હશે.)

ડૉ. વિલિયમ્સનાં આ વાક્યો પછી અચાનક કંઈક અવાજ થાય છે અને ડૉ. વિલિયમ્સ પાછળ ફરીને જુએ છે તો વિનિતા અશ્રુસભર આંખો સાથે ડૉ. વિલિયમ્સ સામે જોઈ રહી હતી. જે જોઈ ડૉ. વિલિયમ્સ છોભીલા પડી જાય છે અને તેની આંખોમાં આવેલાં અશ્રુ પાછળનું કારણ પૂછતાં કહે છે R U OK વિનિતા?

**વિનિતા :** યસ ડૉ. વિલિયમ્સ I can always pretend I'm okay, But it doesn't mean I don't get hurt. (જે સાંભળી ડૉ. વિલિયમ્સ હલબલી ઊઠે છે.) તમારી અને વિદિતા વચ્ચેની વાતચીત સાંભળી જે ભાવો વિદિતાની આંખોમાં તમારા માટે જોવા મળ્યા તે તમે સમજી શક્યા અને એ જ ભાવો મારી આંખોમાં તમે માત્ર વાંચી શક્યા, પણ સમજી ન શક્યા. મને ડિસ્ટ્રોય કરવાના તમારા નિર્ણય સાથે હું સહમત છું, પણ એ પહેલાં હું તમારો આભાર વ્યક્ત કરીશ કે મારું અસ્તિત્વ આ દુનિયામાં લાવી તમે દુનિયાને એક મોટી ભેટ આપી છે અને ખાસ સ્ત્રીરૂપ આપી મને ભાગ્યશાળી બનાવી દીધી. મારી અંદર ઉત્પન્ન થયેલી સંવેદનાઓ, લાગણીઓનું કારણ મને આપેલું સ્ત્રીરૂપ જ હોઈ શકે. પુરુષનું રૂપ જો પામી હોત તો બેટરી હૃદયમાં પરિવર્તિત ન થઈ શકી હોત. મને એ વાતની ખુશી છે કે તમે જ મારું સર્જન કર્યું અને તમે જ મારો નાશ કરશો. કારણ હું તમને અનહદ ચાહુ છું. મારા નાશ પછી પણ હું તમારામાં જીવંત રહીશ કારણ,

"My entire existance can be
defined in one word :
"You"

અને આ શબ્દો સાંભળી ડૉ. વિલિયમ્સ કશું બોલી ન શક્યા અને તેમની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી...

**કૌસુમી નાણાવટી**
પ્રથમ વિજેતા કૃતિ
''નવરસ ૨૦૧૬''
વયજૂથ : ૧૭થી ૩૫

# ''હાઉ ઈઝ ધેટ!''

ભગવાને આપણી દુનિયાને રસોથી ભરપૂર બનાવી છે. કયા છે આ રસ? આ રહ્યાં નવ રસોનાં નામ : ૧) હાસ્યરસ, ૨) અદ્‌ભુતરસ, ૩) કરુણરસ, ૪) રૌદ્રરસ, ૫) શાંતરસ, ૬) ભયાનકરસ, ૭) વીરરસ, ૮) બીભત્સરસ, ૯) શૃંગારરસ. હું અહીં મને થયેલા વીરરસના અનુભવનું વર્ણન કરું છું.

હું નવમા ધોરણમાં અભ્યાસ કરું છું. ગત વર્ષે હું આઠમા ધોરણમાં અભ્યાસ કરતો હતો. મને જો કોઈ શોખ હોય તો તે ક્રિકેટ રમવાનો અને શાળા તરફથી ક્રિકેટ રમવાનું મારું સ્વપ્ન. કચ્છમાં દર વર્ષે કચ્છની સર્વશ્રેષ્ઠ હાઈ સ્કૂલો વચ્ચે પ્રતિષ્ઠિત એવો 'કચ્છમિત્ર ક્રિકેટ કપ' યોજાય છે. મને તેમાં મારી સ્કૂલ તરફથી ભાગ લેવાની અદમ્ય ઇચ્છા હતી. આ કપમાં ભાગ લેવા માટે શાળા તરફથી ક્રિકેટ ટીમના સભ્યો પસંદ કરવાની નોટિસ આવી. મેં તો ક્રિકેટની પ્રૅક્ટિસ વધારી દીધી. મારે પસંદ થવું જ હતું, પરંતુ માણસ ઇચ્છે છે કંઈક અને કુદરત કરે છે કંઈક. હું અમારી શાળાની ટીમમાં પસંદ થઈ ગયો હતો, પરંતુ મૅચ રમવાના સભ્યોની પસંદગી હજી બાકી હતી.

આ પસંદગી પહેલાં અમે એક પ્રૅક્ટિસ મૅચ રમતા હતા. અચાનક બૉલ કૅચ કરવા જતાં તે બૉલ મારી આંખ પર વાગ્યો! થોડીક ક્ષણો માટે મારી આંખ આગળ અંધારું છવાઈ ગયું. ત્યાર બાદ મારી આંખ પર સોજો આવી ગયો. મને જોવામાં પણ થોડી તકલીફ પડવા માંડી. મારા કોચે અને કૅપ્ટને દિલાસો તો આપ્યો, પરંતુ એમના મોંઢા પરથી સ્પષ્ટ દેખાઈ આવતું હતું કે આવતી કાલે મારી પસંદગી થાય તે વાતમાં માલ નહીં.

ઘેર આવીને નિરાશાનો માર્યો હું રડી પડ્યો. મારા પરિવારજનોએ મને શાંત પાડ્યો. હું બીજે દિવસે શાળાએ જવા તૈયાર જ ન હતો, પરંતુ મારા પરિવારજનોએ મને હૈયાધારણ આપી અને શાળાએ જવા તૈયાર કર્યો. વીરરસના મૂળ નાયક એવા શ્રી હનુમાનજીને યાદ કરીને હું શાળાએ પસંદગીમાં જવા તૈયાર થયો.

કેટલાય વખતથી મેં જેની રાહ જોઈ હતી તે પસંદગીનો દિવસ આવી પહોંચ્યો, પરંતુ મારી હાલત ઘાયલ સિપાહી જેવી હતી. મારું નામ બોલાયું અને અસમંજસ સાથે હું મેદાનમાં ગયો. મને દડા હજી પણ સરખા દેખાતા ન હતા. વીર શ્રી હનુમાનજીનું ધ્યાન ધરીને એકાગ્રતાથી હેલ્મેટ પહેર્યા વગર દડાઓનો સામનો સામનો કરવાનું નક્કી કર્યું. અચાનક જાણે મારામાં વીરરસ રેડાયો અને સામેથી આવતા દડાને ફટકારતો ગયો. દડાઓ આવતા ગયા, ફટકા લાગતા ગયા અને મારા કોચની તાળીઓ વધતી ગઈ! હું પસંદ થઈ ચૂક્યો હતો. આ મારા માટે

કદી ન ભુલાય એવી ક્ષણ હતી. આ હતો વીરરસનો પ્રતાપ!

પછી તો એવું હોંશમાં આવી જવાયું કે જે થશે તે જોયું જશે. બીજે જ દિવસે અમારી મૅચ શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય સામે હતી. મૅચ રમવા પહેલાં મેં મારા તાતા (મમ્મીના કાકા)ને યાદ કર્યા. તે લોખંડી મનોબળ ધરાવતા ક્રિકેટર હતા. અમે ટોચ જીતીને બૅટિંગ લીધી. ચાર વિકેટ પડ્યા બાદ મારો વારો આવ્યો ત્યાં જ ફરીથી એક વિકેટ પડી. મારા પર ટીમની જવાબદારી આવી. અમારે વિકેટ પણ સાચવવાની હતી અને રન પણ કરવાના હતા. મેં અને મારા દોસ્તે ૪૮ રનની ભાગીદારી કરી અને અમારી ટીમના ૨૦ ઑવરમાં ૧૨૧ રન થયા. આ બધા દરમિયાન આંખનો દુખાવો તો ચાલુ જ હતો.

હવે સામેની ટીમનો વારો આવ્યો. તેઓ માત્ર ૧૦૪ રન કરી શક્યા અને અમારી ટીમની ૧૭ રને ભવ્ય જીત થઈ. ટીમમાં મારું યોગદાન ૧૯ રનનું હતું. આ જીત મને જીવનભર યાદ રહેશે. હું તો મૅચ રમતાં પહેલાં જ હારી ગયો હતો એને બદલે મારામાં જાગેલા વીરરસે મને ટીમની જીતનું કારણ બનાવ્યો.

મારી જિંદગીના આ બનાવ પરથી હું પાઠ શીખ્યો કે, 'મુશ્કેલી ગમે તેટલી આવે ડર્યા વિના બહાદુરીપૂર્વક સામનો કરવાથી અંતમાં જીત આપણી જ થાય છે. જે વીરતાપૂર્વક લડે છે તેની સાથે ભગવાન રહે છે.'

FORTUNE FAVOURS THE BRAVE!!

**ઋત્વાંગ વૈદ્ય**
પ્રથમ વિજેતા કૃતિ
''નવરસ ૨૦૧૬''
વયજૂથ : ૧૧થી ૧૬

# વેળાસ

**ચેતવણીઃ** આ નિબંધમાં વર્ણવેલી જગ્યા સાથેનો મારે અદકેરો લગાવ હોઈ એ શબ્દચિત્ર ન રહેતા, પ્રેમચિત્ર બની જઈ શકે છે. અન્ય રીતે કહું તો વેળાસનું હોય એના કરતાં વધુ ગુલાબી અને રોમૅન્ટિક ચિત્ર રજૂ થયું હોય એવી શક્યતા છે.

કેટલાક મહિનાઓ પહેલાં મારે હિમાલયના પહાડોમાં વસેલા એક ગામડાની સરકારી પ્રાથમિક શાળામાં જવાનું થયું. મારે ત્યાંના વિદ્યાર્થીઓ સાથે મુંબઈના શહેરી જીવન અને તેમની જીવનશૈલી વચ્ચે કેટલો તફાવત હતો તે વિશે વાતો કરવાની હતી. જ્યારે મેં તેમને મુંબઈના દરિયા વિશે જણાવ્યું ત્યારે સૌના ચહેરા પર એક જાતની મૂંઝવણ છવાયેલી હતી કારણકે તેમણે દરિયો જોયો જ નહોતો અને આટલી વિશાળ જળરાશિ કેવી દેખાય એ કલ્પના કરવી તેમને માટે અશક્ય વાત હતી. જુદી જુદી અનેક રીતે સમજાવવાની કોશિશ કરવા છતાં અને ફોટો બતાવવા છતાં તેમને દરિયો શું ચીજ છે એ હું સંતોષપૂર્વક સમજાવી જ ન શક્યો.

આ ઘટનાએ મને વિચારતો કરી મૂક્યો. એક તરફ આ છોકરાઓ હતાં જેમને કોઈ રીતે દરિયો કેવો હોય એ સમજાતું જ નહોતું અને બીજી તરફ.. બીજી તરફ પેલા કાચબાના છોકરાઓ હતાં જેમને જન્મથી જ દરિયો શ્વાસના લય જેટલો સહજ રીતે પ્રાપ્ત થયો હતો.

શરૂથી શરૂ કરીએ તો માર્ચ મહિનાની એક વહેલી સવારે મહારાષ્ટ્રના દરિયાકિનારે પચાસેક લોકો ટોળે વળીને ઊભા હતા. હવામાં એક પ્રકારની તાણ અનુભવી શકાતી હતી. જાણે કોઈ સેલિબ્રિટી આવવાનું ન હોય. ''સહ્યાદ્રી નિસર્ગ મિત્ર'' નામના એન.જી.ઓ તરફથી બે ભાઈઓએ આવીને રેતીમાં એક લીટી દોરી જેની આગળ વધવાની ટોળામાંના લોકોને સખત મનાઈ હતી. ફોટોગ્રાફી અને શિસ્તપાલન અંગે કેટલીક સૂચનાઓ આપીને તેમણે એક ટોકરી ખોલી. તેમાંથી એક પછી એક કરીને સાત તાજા જ ઈંડામાંથી બહાર નીકળેલા કાચબાઓને કાઢીને રેતીમાં છોડી મૂક્યા. ત્યાં હાજર લોકોના કેમેરાની ક્લિકની પરવા કર્યા વગર જ પેલા સાતે સાત સમુદ્ર તરફ ચાલવા લાગ્યા. તેમને જમીન પર મૂક્યા ત્યાંથી દરિયો પચાસેક પગલાં દૂર હતો. નવજાત કાચબાની દૃષ્ટિ કેવીક હોય એ તો કોઈ પ્રાણીશાસ્ત્રી જ કહી શકે, પણ આટલે દૂરનો સમુદ્ર તેમને દેખાતો હોય એ અશક્ય હતું. જો માનવ કદના પરિપ્રેક્ષ્યમાં આ વાત મૂકીએ તો એક નવજાત શિશુ માટે અડધો કિલોમીટર દૂર મૂકેલા પારણાને જોયા વગર તેના તરફ ચાલવા જેવી વાત થઈ. છતાં સાતે સાત કાચબાઓએ કોઈ વિશિષ્ટ આંતરિક પ્રેરણાથી દોરાઈને સમુદ્રની દિશામાં જ પ્રયાણ કર્યું. સાતમાંના અમુક ઝડપી હતા અને સીધી લીટીમાં પાણી તરફ જઈ રહ્યા હતા. જ્યારે અમુક ધીમા અને મૂંઝાયેલા

લાગતા હતા. થોડું સીધું ચાલીને દિશા બદલી નાખતા. ડાબે-જમણે ફંટાઈને થોડે સુધી ચાલતા અને ફરી પાછા સમુદ્રની વાટ પકડી લેતા. એક કાચબો તો સાવ અળવીતરો હતો. તે સમુદ્રથી બિલકુલ વિરુદ્ધની દિશામાં ચાલવા લાગ્યો. થોડો સમય એને પોતાની રીતે સાચી દિશા ગોતવાનો મોકો આપ્યા છતાં તે ઊંધો જ ચાલતો રહ્યો. એટલે એન.જી.ઓ વાળા ભાઈએ ઉપાડીને તેને છેક પાણીની બાજુમાં મૂકી દીધો. એક મોટું મોજું આવ્યું અને તેની સાથે તરીને તે દરિયામાં ઊંડે ચાલ્યો ગયો. એટલી વારમાં બાકીના છ પણ પાણી સુધી પહોંચી ગયા હતા. એક એક કરીને બધા જ દરિયામાં ચાલ્યા ગયા. આ એક અતિ લાંબી અને મહાન સફરની શરૂઆત હતી. કોઈ પણ જાતના નકશા કે ટેક્નૉલૉજીની સહાય વિના આ કાચબાઓ હજારો કિલોમીટરની યાત્રા ખેડીને વિશ્વના છેક બીજા છેવાડે જઈ રહ્યા હતા. કોને ખબર હવે તેઓ ફરી આ તરફ ક્યારેય આવશે કે નહીં? કદાચ આમાંની જ કેટલીક માદા કાચબીઓ વર્ષો બાદ ઈંડાં મૂકવા માટે અહીં ફરી આવીને ચક્ર પૂરું કરશે.

આ મહાન સફરની શરૂઆતના સાક્ષી બનીને ઊભેલા લોકોએ દસ-પંદર મિનિટ ચાલેલા આ ''રેમ્પ-વોક'' દરમિયાન હજારો ફોટા પાડી લીધા જેથી એ પુરવાર થઇ ગયું કે આ બાળ કાચબાઓ સાચે જ સેલેબ્રિટી હતા અને એક સાચા સેલેબ્રિટીને છાજે તેમ કાચબાઓને જાણે કંઈ પડી જ ન હોય એમ તેઓ સમુદ્ર તરફ ચાલવામાં જ મગ્ન હતા. અલબત્ત, પેલા એક અળવીતરા કાચબાને છોડીને. જો તેને પકડીને પાછો સાચી દિશા તરફ ન વાળ્યો હોત તો શું તે જાતે ક્યારેય સમુદ્ર સુધી પહોંચી શક્યો હોત? કદાચ કૂતરાં કે બાજનો શિકાર થઈ ગયો હોત, કે પછી કોઈના ઘરે pet તરીકે રહેતો હોત. અહી ડાર્વિનનો "survival of the fittest" નો સિદ્ધાંત પ્રત્યક્ષ રીતે જોઈ શકતો હતો. તેને જમીન પરના ખતરાઓથી બચાવીને સમુદ્ર સુધી તો પહોંચાડ્યો હતો પણ અહીંથી આગળ તો એણે પોતે જ પોતાનું ધ્યાન રાખવાનું હતું. એક રીતે પ્રકૃતિની વિરુદ્ધ જઈને તેને બચાવ્યો એવું મને લાગ્યું, પરંતુ જ્યાં આજે સમુદ્રી કાચબાઓની સમગ્ર પ્રજાતિ નષ્ટ થઈ રહી છે એના સંદર્ભે તેમણે સાચું કર્યું જ ગણાય. અને કાચબાની આબાદીમાં તાજેતરમાં નોધાયેલો વધારો તેમની વર્ષોની મહેનતનું પરિણામ છે. સારા સમાચાર એ છે કે આજે તેઓ કાચબા સંવર્ધનના આ પ્રયાસમાં એકલા નથી. સરકારનું પર્યાવરણ ખાતું તેમને ખૂબ સહયોગ આપે છે અને એક વિખ્યાત મલ્ટિનેશનલ કંપની તરફથી પણ તેમને ફાળો મળે છે. જોકે સંવર્ધનનું કાર્ય તો આ કંપની કે સરકાર મદદ કરવા આવ્યા તેની પહેલાંથી જ શરૂ થઈ ગયું હતું. કહેવાય છે કે વર્ષો પહેલાં આ દરિયાકિનારાની પાસેના ગામમાં એક વૃદ્ધ દાદા રહેતા હતા. તેમનું ધ્યાન પડ્યું કે અહીં દર વર્ષે હજારો માદા કાચબીઓ લાખો ઈંડા મૂકવા આવે છે, પણ કેટલાક લોકો તેનો માંસ માટે શિકાર કરે છે. ઉપરાંત ઈંડાંને

પણ કૂતરાં, બિલાડાં, સમડી, બાજ વગેરેથી ખતરો છે. આ અભણ દાદાજીને પર્યાવરણના સંરક્ષણની કે કાચબાની પ્રજાતિના નિકંદન વિશે તો કોઈ જાણકારી નહોતી. છતાં તેઓ એવી સાદી સમજ ધરાવતા હતા કે આપણા ઘરઆંગણે ઈંડાં મૂકવા આવેલી કાચબીઓ ઘરે સુવાવડ કરવા આવેલી દીકરી સમાન જ ગણાય. એટલે એમનું અને ઈંડાં મૂકીને ચાલ્યા ગયા બાદ એમનાં બચ્ચાઓનું ધ્યાન રાખવું એ આપણી ફરજ બને છે. તેઓ સવારથી સાંજ સુધી આખા દરિયાકિનારે રખડતા અને બધાં જ ઈંડાંને એક જગ્યાએ એકત્ર કરીને રેતી નીચે દાટી દેતા. તેની આજુબાજુ વાડ બાંધતા અને ઉપરથી ઢાંકીને ઘર જેવું બનાવી આપતા. ધીમે ધીમે ગામના લોકોએ શિકાર કરવાનું બંધ કર્યું અને તેમને સંરક્ષણના કાર્યમાં મદદ કરવા પણ આવવા લાગ્યા. વખત જતાં તેમની સદભાવના અને સત્કર્મની સુવાસ દૂર સુધી ફેલાઈ અને પેલી પ્રખ્યાત મલ્ટિનેશનલ કંપનીએ પોતાના કૉર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીના ભાગ રૂપે એક એન.જી.ઓ. ઊભી કરવા માટે ફાળો આપ્યો. આ એન.જી.ઓ.ની સ્થાપના બાદ વ્યવસ્થિત રીતે અહીં દર વર્ષે કાચબા મહોત્સવ યોજાય છે. ઈંડાંમાંથી નીકળેલાં બચ્ચાંઓને રોજ નિયમિત રીતે સવાર-સાંજ દરિયામાં છોડી મૂકવામાં આવે છે. આ મહોત્સવમાં ભાગ લેવા આવનારા લોકોને રહેવા ખાવાની વ્યવસ્થા માટે ગ્રામવાસીઓએ પોતાના ઘરના દરવાજા ખોલી આપ્યા. એ બહાને તેમને આવકનો એક વધારાનો સ્રોત મળી ગયો છે.

કાચબા મહોત્સવ જ્યાં યોજાય છે એ જગ્યા એટલે વેળાસ. મહારાષ્ટ્રનું એક સાવ નાનકડું તટવર્તી ગામડું. એવું ગામડું કે જ્યાં દિવસની ફક્ત એક જ બસ આવે છે. નથી ત્યાં મોબાઈલ નેટવર્ક, નથી કોઈ રહેવા માટેની હોટેલ અને નથી કોઈ શોપિંગ માટેની બજાર. પબ્લિક ટ્રાન્સપોર્ટથી ત્યાં પહોચવું અતિ દુર્ગમ છે અને પોતાનું વાહન હોય તોપણ રસ્તો બહુ ખરાબ છે. હા, ત્યાં પ્રાકૃતિક સૌન્દર્ય છે, પણ એ તો બીજી અનેક જગ્યાએ હોય જ છે. જો તમને ફક્ત દરિયામાં જ રસ હોય તો એ તો મુંબઈમાં પણ ક્યાં નથી? અરે, મુંબઈના દરિયા પર તો નારિયેળ પાણીવાળા અને બીજા અનેક ખાણીપીણીના સ્ટોલવાળા ઊભા હોય છે. વેળાસમાં છે કાંઈ આવું? નથી ને.. તો પછી કોઈ શું કામ આટઆટલી હાડમારી વેઠીને આટલે લાંબે ધક્કો ખાય? બિલકુલ સાચી વાત છે. હું સહમત છું કે તમારે વેળાસ ન જ જવું જોઈએ. અરે હું તો એટલા દૃઢપણે આ વાત માનું છું કે તમારે શું કામ ન જવું જોઈએ એની માટેનાં પાંચ કારણો તૈયાર કરીને લાવ્યો છું.

**કારણ નંબર ૫ : નિરાંત**

જો પૈસાની બદલે સમયનું ચલણ હોત તો? થોડા સમય પહેલાં જોયેલી એક અંગ્રેજી ફિલ્મમાં એક એવા કાલ્પનિક વિશ્વની વાત હતી કે જ્યાં પૈસાની બદલે સમય ચલણની જેમ વપરાય છે. તે દુનિયાના શ્રીમંતો પાસે જીવવા માટે અમર્યાદ સમય છે જ્યારે

ગરીબો એક એક મિનિટ સાચવી સાચવીને વાપરે છે. આ વિષે થોડું ધ્યાનથી વિચારતાં લાગે છે કે આ તો આપણા વાસ્તવિક જગતની જ વાત છે. અહી તમારી પાસે બધી જ ભૌતિક સુખ-સાહ્યબી હશે, પણ એને ભોગવવા માટે સમય જ નહીં હોય તો શો ફાયદો?

પણ વેળસ... સાહેબ, તમે વેળાસ ફક્ત બે જ દિવસ લઈને જાઓ. કાચબા મહોત્સવ તો અડધી કલાકમાં જોઈ લેશો પછી બાકીના સાડા સુડતાળીસ કલાક કરશો શું? આ સમય તમારે પરાણે પુસ્તકો વાંચવામાં, સંગીત સાંભળવામાં કે સાથે આવેલા મિત્રો, કુટુંબીજનો સાથે વાતો કરવામાં, હસવામાં, ગીતો ગાવામાં વિતાવવો પડશે. અરે, તમને કદાચ એ વાતની પણ જાણ થઈ જશે કે કંઈ જ ન કરવામાં પણ એક અલગ મજા છે અને રખે તમે દરિયાકિનારે બેસીને મનની અંદરના દરિયામાં ડૂબકી લગાવવા લાગ્યા તો? વેળાસમાં તમારી પાસે આ બધા માટે લખલૂટ સમય હશે અને એ પણ પાછો નિરાંતનો સમય. કારણકે પેલું મોબાઈલ નેટવર્ક તો હશે નહીં. એટલે શહેરની કોઈ જફા તમારા સુધી પહોચી નહીં શકે. હવે, તમે જ કહો આવી ફુરસદની પળો આપતી જગ્યાએ જઈને શો ફાયદો?

**કારણ નંબર ૪ : મુક્તિ**

આપણે જન્મ્યા તે ક્ષણે આઝાદ હતા. ત્યાર બાદ એક એક કરીને બંધનોમાં કેદ થતા ગયા, પહેલાં કપડાં પહેરવાનું બંધન પછી સ્કૂલે જવાનું બંધન, પછી ભણતર, કૉલેજ, નોકરી, કેરિયર, લગ્ન, સમાજ, સગાંસંબંધી, નાતજાત, ધર્મ, દેશ વગેરે અનેક જાતની જેલમાં આપણે પુરાઈ જઈએ છીએ. કેટલીકમાં સ્વેચ્છાએ તો કેટલીકમાં બળજબરીથી પુરાઇએ છીએ. એટલે સુધી કે આપણી નજર પણ બંધનમાં હોય છે. શહેરોમાં ચારે તરફ મકાનો અને ગાડીઓથી ઘેરાયેલા આપણે.. ફક્ત થોડા જ ફૂટનું અંતર કાપીને દૃષ્ટિ કોઈ જુગુપ્સાપ્રેરક પદાર્થ સાથે અથડાઈ જાય છે. ઉપર તરફ જોતાં બહુમાળી મકાનોમાં જાણે આકાશને ઢાંકી દેવાની હોડ લાગી છે. રાત્રે તારા પણ ન દેખાય એવું તો મેલું કરી મૂક્યું છે આકાશને આપણે.

એવામાં વેળાસનો દરિયાકિનારો તમને અફાટ જમીન, અસીમ સમુદ્ર અને અમાપ આકાશનાં દર્શન કરાવશે. રાતના સમયે અગણિત તારાઓ ઝળહળતા હશે. દરબદર ઠોકર ખાવા ટેવાયેલી તમારી દૃષ્ટિને ત્યાં અનંત સુધી વિસ્તરવાનો અવસર મળશે. કેદમાં રહેલી જિંદગીને બે દિવસ પૂરતી મુક્તિ મળી હોય એમ લાગશે. તો આવી મુક્તિનો અનુભવ કરવાની શી જરૂર, હેં?

**કારણ નંબર ૩ : ધરતીનો છેડો**

પૃથ્વી એક ગોળો છે જેનો કોઈ એક સ્થળે આરંભ કે અંત નક્કી થઈ શકતો નથી. વેળાસ ગામથી દરિયાકિનારાનો એક કિલોમીટરનો જે રસ્તો છે તેના પર ચાલતી વખતે દર વખતે મને એમ જ લાગતું કે આ રસ્તો પૂરો થાય છે ત્યાં જ પૃથ્વીનો પણ અંત થાય છે અને સ્વર્ગનો આરંભ થાય છે. આ રસ્તા પર

ભાગ્યે જ કોઈ વાહન કે માણસોની અવરજવર હોય છે. એટલે ખાસ તમને એકલું ન લાગે એટલા માટે તમારો સાથ આપવા રસ્તાની બંને તરફ વનરાઈની હાર ચાલી આવે. એકલદોકલ પંખીનો ટહૂકો સંભળાઈ જાય અને અંધારાંમાં આગિયાઓની ઉડાઉડ દેખાય. મુખ્ય રસ્તો પૂરો થઈને એક પગદંડીમાં બદલાઈ જાય જેની બંને તરફ ખાડી જેવું પાણી જમા થયેલું હોય. ત્યાર બાદ ચિત્રોમાં દોરીએ એવો cute અર્ધગોળાકાર પુલ આવે. તેને પાર કરતાં જ આવે દરિયાની રેતી. દરિયાકિનારે મોટે ભાગે કોઈ જ ન હોય એટલે એવું લાગે જાણે આપણો પોતાનો ખાનગી દરિયો. આટલી વિશાળ દુનિયામાં આ એક ખૂણો તો ખરો કે જેને આપણો પોતાનો કહી શકાય. તો બોલો, આવા ખૂણાને કોઈ શું કામ પસંદ કરે?

**કારણ નંબર ૨ : મહેમાનગતિ**

અગાઉ વાત થઈ તેમ વેળાસમાં રહેવા માટે હોમસ્ટેની સગવડ છે. અમે જેમને ત્યાં ઊતર્યા હતા તેમના ઘરની મુખ્ય વ્યક્તિનું તાજેતરમાં જ મૃત્યુ થયું હતું. એક તરફ જ્યાં અમે નાનકડા કાચબાઓનો જન્મ જોઈને હરખાતા હતા ત્યાં અમારો યજમાન પરિવાર અંગત વ્યક્તિના મૃત્યુના શોકમાં ડૂબેલો હતો. તેમ છતાં તેમણે અમારી સગવડ સાચવવામાં કોઈ કસર ન રાખી. એટલે સુધી કે તેમણે અમને આ મૃત્યુ વિશે ખબર સુદ્ધાં ન પડવા દીધી. વેળાસની હોમસ્ટે પદ્ધતિમાં કોઈ 5 star હોટેલ જેવી સર્વિસની અપેક્ષા તો ન જ રાખી શકાય, પણ સાવ જમીન પર ગાદલા પાથરીને સુવાનું, ઠંડાં પાણીએ નહાવાનું, સાદું દેશી ભોજન ખાવાનું અને જમીને એઠી થાળી કુંડી સુધી મૂકી આવવાની; એવું તો કેમ ચલાવી લેવાય? હા, આ બધાને સરભર કરી દે એવી હૂંફ અને પ્રેમ તમને મળશે. પોતાના પરિવારના જ એક સભ્ય ગણીને તમને રાખવામાં આવશે. યજમાન તમારી જોડે જમીને ગપ્પાં મારવા બેસી જશે. ભોજન ભલે સાદું પીરસે પણ સ્વાદિષ્ટ ચોક્કસ હશે અને આગ્રહ કરી કરીને જમાડશે. ઘરના અને આસપાસના ઘરના છોકરાઓ તમારી સાથે રમવા આવી જશે. એટલે સુધી કે ઘરના pets પણ તમારી સાથે હળી જશે. અમે રોકાયા તે ઘરે એક બિલાડી હતી જે પોતાના મૃત માલિકને બહુ miss કરતી હતી. રાતના તે મારી પથારીમાં આવી, મને વળગીને, મારા શરીરની હૂંફથી ગરમાવો મેળવતી સૂઈ ગઈ.. શી, શી, શી; આવી ગંધારી જગ્યાએ તો ભૈસાબ ન જવું જ સારું.

**કારણ નંબર ૧ : પ્રકૃતિ સાથેનું ઐક્ય**

ઢળતી સાંજે સમુદ્રનાં શીતળ જળમાં નહાઈને અમે સૌ કિનારે બેઠા હતા. ઠંડી હવા ચાલતી ત્યારે શરીરમાંથી એક લખલખું દોડી જતું. સૂર્યાસ્ત અને ચંદ્રોદયની વચ્ચેના એ ગહન સમયમાં કોઈને પણ વાતો કરવાનો મૂડ નહોતો. મેં ખુલ્લા ડીલે જ રેતી પર લંબાવ્યું અને મારા શરીરના વજન હેઠળ રેતીના ઠંડા ઉપરી સ્તરો ખસી ગયા. નીચલા હૂંફાળા સ્તરો ઉપર આવીને મારા શરીરમાં થોડો ગરમાવો લાવ્યાં. આ હૂંફાળી રેતીના સ્પર્શ મારફતે હું પ્રકૃતિ સાથે એક

અનેરું ઐક્ય અનુભવી રહ્યો હતો. મને અચાનક એક વિચારનો ચમકારો થયો, કે મા તો નવ માસ સુધી ગર્ભમાં આપણું જતન કરે છે, પણ બહાર આવ્યા બાદ આપણું જતન કોણ કરે છે? ખરેખર તો બહાર આવ્યા બાદ પણ આપણે એક જાતના ગર્ભમાં જ છીએ. પૃથ્વીની આસપાસનું વાતાવરણ જે બાહ્યાવકાશથી આપણું રક્ષણ કરે છે અને ફળદ્રુપ ધરતી જે જીવવા માટેનું પોષણ પૂરું પાડે છે આ બે મળીને એક નામ આપીએ તે કુદરત પણ આપણા સૌની મા જ છે ને? એ સાંજે હું મારી માના ખોળામાં હતો અને તે ઘૂઘવતા સમુદ્રનું હાલરડું ગાઈને મને સુવડાવી રહી હતી, પણ બોસ, આ ઐક્ય ફૈક્યની માર્કેટમાં કેટલી કિંમત?

તો મિત્રો આ બધાં જ કારણો આપવા છતાં જો તમને હજી પણ વેળાસ ન જવાય એમ ગળે ન ઊતર્યું હોય અને મારી આટઆટલી ચેતવણીને નજરઅંદાજ કરતા જો તમે ત્યાં જવાનું નક્કી કરો તો આ કેટલીક ટિપ્સ જે તમને કામમાં આવી શકે છે:

**વેળાસમાં શું કરશો?**

૧) સમુદ્રી કાચબાઓને પહેલવહેલા પગલાં માંડતા જુઓ અને તેમની યાત્રા સુખદ રહે એવી પ્રાર્થના કરો.

૨) બોટમાં બેસીને ખાડીની પેલે પાર આવેલા હરિહરેશ્વર મંદિરમાં દર્શન કરો. થોડુંક સાહસ કરવાની ઇચ્છા હોય તો મંદિરની પાછળ આવેલા ટેકરા પર ચડી જાઓ અને ઉપરથી સમુદ્રની વિશાળતાનાં દર્શન કરો.

૩) પારંપરિક કોંકણી ભોજનનો આનંદ માણો.

૪) ફરીથી બાળક બની જાઓ અને ઝાડ પર ચડતાં શીખો. જાતે તોડેલા નારિયેળ પાણીનો સ્વાદ વધુ મીઠો લાગશે.

**વેળાસમાં શું ન કરવું?**

ધૂમ્રપાન, મદિરાપાન, કચરો ફેલાવવો, ઘોંઘાટ કરવો અને એવી કોઈ પણ પ્રવૃત્તિ ન કરવી કે જેને લીધે ગામવાસીઓની માનસિક શાંતિ છીનવાઈ જાય.

**વેળાસ જતાં સાથે શું લઇ જવું?**

ઓડોમોસ, sunscreen lotion, પાણીની bottle, ટોપી, ગોગલ્સ, ટોર્ચ, જૂનાં છાપાં વગેરે.

**અને શું ન લઇ જવું?**

મોબાઈલ ફોન, નકારાત્મકતા, ઘરની સમસ્યાઓ, ઑફિસની ચિંતાઓ અને પૂર્વગ્રહો.

અંતમાં એક ગીત સાંભળ્યું હતું જે મને પ્રાર્થના જેવું લાગે છે એની એક કડી

**सोहनी धरती अल्लाह रख्खे कदम कदम आबाद तुझे... कदम कदम आबाद.**

**તુમુલ બુચ**

# આપણું ઘડપણ આપણી જ ભૂલોને કારણે

ઘડપણ તો આવે જ, પરંતુ ઘડપણ આવવાની ગતિ ધીમી કે ઝડપી હોય છે અને એનો આધાર વ્યક્તિ પર હોય છે. ઘણી વ્યક્તિઓ પર ઘડપણ મોડથી દેખાય છે તો કોઈ જલદી ઘરડા થઈ જાય છે, આમ કેમ, કદી વિચાર્યું છે? એ પણ ખરું કે આપણે સૌ આપણી યુવાનીનો કાળ લંબાવવા માગીએ છીએ, પણ એ શું શક્ય છે? એની ચાવી આપણી ટેવોમાં છે. તમે જે રોજ કરતા હો તે તપાસો કે તમે એના કારણે તમારી ઉંમર કરતાં વધારે જલદી ઘરડા થઈ ગયા છો કે બીજા કોઈ જોઈને તમને ઘરડા માને છે?

નીચે જણાવેલી ૧૦ ભૂલો રોકી દો અને ઉંમર પહેલાં ઘરડા થવાનું ટાળો :

**૧ ખાવાની લાલચને રોકોઃ**

સ્વાદિષ્ટ મીઠાઈ જોઈને, ભલે ને, મોઢામાં પાણી આવી જાય, પણ તમારા શરીરનો ઘાટ જાળવી રાખવા માગતા હો તો ખાંડ અને ચરબી પર ચોકીપહેરો ગોઠવી દો. આપણે સૌ જાણીએ છીએ કે ઉંમર વધે તેમ ડાયાબિટીસ, હૃદયની કોઈ બીમારી અને કેન્સર થવાની શક્યતા વધી જાય છે. આ બધી બીમારીઓ માટે ખાંડ જવાબદાર હોય છે. બીજી વાત એ છે કે એને કારણે તમારી ચામડી લબડી જાય છે.

**૨ હંમેશાં પૂરતી ઊંઘ લો :**

રાતે તમારે ૭-૯ ક્લાક સૂવું જોઈએ. તમે બરાબર ઊંઘ લો તો તમારું શરીર મેલોટોનિન હૉર્મોન પેદા કરી શકે છે. આ હૉર્મોન માત્ર ઊંઘમાં જ પેદા થાય છે. એ આપણા કોશો અને DNA ને રિપેર કરે છે. લાંબી ઊંઘ લેવાનું બીજું કારણ એ કે શરીરની વૃદ્ધિ માટેના હૉર્મોન પણ રાતે જ બને છે. એ આપણા સ્નાયુઓને મજબૂત બનાવે છે. ઊંઘના ઘણા લાભ છે. ઊંઘ ન લો તો ઘણી શારીરિક અને મનોવૈજ્ઞાનિક નકારાત્મક અસરોનો સામનો કરવો પડે છે અને તમારી ઊંચી કૅલરીવાળા ખોરાકની લાલસા પણ વધી જાય છે.

**૩ પોતાને પ્રેમ કરો :**

તમે પોતાની જાતને કેટલો પ્રેમ કરો છો તેના પરથી નક્કી થશે કે તમે સુખ અને શક્તિનો અનુભવ કેટલો કરો છો. જે લોકો પોતાને પ્રેમ કરતા હોય તેઓ દિવસમાં અમુક સમય પોતાના માટે ફાળવે છે. આના રસ્તા ઘણા છે – સારું વાંચો, પસંદ હોય તો લિજ્જતદાર ચા પીઓ, કોઈ નવો શોખ કેળવો અથવા કોઈ આર્ટ ક્લાસમાં જોડાઓ. આ રીતે તમે નવા દિવસને આવકારતા થઈ જશો અને તમને સમજાશે કે તમારી ઉંમર વધતી હોવા છતાં કંઈક

નવું અને રસ પડે તેવું કરવા માટે ઘણી તકો છે, જેનો ઉપયોગ કરીને તમે પોતાની જાત વિશે વધારે જાણી શકશો.

૪ સમસ્યાનો જવાબ દારૂમાં ન શોધો?

તમે સાંભળ્યું હશે કે દરરોજ એક ગ્લાસ રેડ વાઈન લેવાના લાભ છે, પરંતુ આખી બોટલ ઢીંચી જવી એ તદ્દન જુદી વાત છે. જ્યારે કોઈ મુસીબતમાં સપડાયેલા હો ત્યારે એણે ભૂલી જવાનું વલણ જોર પકડે છે, પણ દારૂમાંથી તમારી મુશ્કેલીનો જવાબ નહીં મળે. તમારા શરીર પર દારૂની ખરાબ અસર થશે એટલે સમસ્યાનો સામનો કરતાં શીખો, એનાથી બચવાના ઉપાય ન કરો. દારૂને કારણે તમારી તબિયત પર માઠી અસર પડશે, તમને સોજા ચડશે અને શરીરમાં ચયાપચયની ક્રિયા ધીમી પડી જશે. ઉપાય એ છે કે તમને કંઈ ચિંતા હોય તો કાગળ પર તમારા મનનો ભાર ઠાલવી દો.

૫ **માફ કરી દો :**

મનમાં દુશ્મનીને બાંધી રાખવી એ સમયનો બગાડ છે. આપણે કોઈને માફ ન કરીએ ત્યારે આપણે આપણા પોતા પર જ દબાણ વધારીએ છીએ. આપણું બ્લડ પ્રેશર વધી જાય છે, ઍન્ક્ઝાઈટી વકરે છે અને ઘણી વાર ડિપ્રેશન આવી જાય છે. એટલે ભૂતકાળની ઘટનાઓથી મુક્ત થઈ જાઓ, તમને દુઃખ પહોંચાડ્યું હોય તેને માફ કરી દો. માફ કરવામાં વિલંબ કર્યો તેને પણ ભૂલી જાઓ. તમારી પરિપક્વતાનો વિચાર કરો તો લાગશે કે એ જ સાચું છે.

૬ **સમાજમાં ભળો :**

તમે ઘર અને નોકરીમાં બહુ વ્યસ્ત રહેતા હશો, પણ એ ન ભૂલતા કે એવાં કામો તમને બીજાં સાથે હળવા-મળવામાં આડે ન આવવાં જોઈએ. વખત કાઢીને જિંદગીની નિરાંતની પળો માણો. મિત્રોને મળવું કે બીજા સામાજિક કાર્યક્રમોમાં ભાગ લેવો એ આપણા મનને હળવું બનાવવાનો શ્રેષ્ઠ ઉપાય છે. એટલે પાર્ટી કે પિકનિક ગોઠવો, જેમાં માત્ર વાતોના તડાકા અને હસાહસ જ હોય. એ પણ યાદ રાખો કે મિત્રની જરૂર માત્ર તમને નથી, તમારા મિત્રને પણ તમારી જરૂર હોઈ શકે છે. એટલે મિત્રના સાચા મિત્ર બનો કારણકે એને ખોવાનું તમને પણ પાલવશે નહીં.

૭ **રસાયણો ઘડપણ તરફ ધકેલે છે :**

આપણે ચારે તરફથી રસાયણોથી ઘેરાયેલાં છીએ. તમે ખાઓ, નહાઓ, મેક-અપ કરો; તેમાં કોઈક ને કોઈક રસાયણ સાથે તમારી મુલાકાત થઈ જ જાય છે. એમાં સલ્ફેટ, પૅરાબેન વગેરે હોય છે. એ છૂપાં ધીમાં ઝેર છે અને આપણા હૉર્મોનને નુકસાન કરે છે. એટલે એના ઉપયોગથી બને તેટલા દૂર રહેવામાં લાભ

છે. જે કંઈ ખરીદો તે ઑર્ગેનિક હોય અને એમાં બહુ ઘણી વસ્તુઓ ભેળવેલી ન હોય તેનું ધ્યાન રાખો.

૮ **સાહચર્યની ઉપેક્ષા ન કરો :**

જાતીય સંપર્કથી તમારા સંબંધ મજબૂત થાય છે એટલું જ નહીં તમારા આરોગ્ય પર પણ એનો સારો પ્રભાવ પડે છે.

ઉંમર વધે અને બીજાં કાર્યોમાં વ્યસ્ત રહેવાતું હોય તો સેક્સ પરથી ધ્યાન હટી જાય છે, પરંતુ સેક્સ એ કુદરતી લાગણી છે. આવા સંપર્કથી તમારો સ્ટ્રેસ ઓછો થાય છે. તમારી ઈમ્યૂન સિસ્ટમ પણ મજબૂત બને છે. પરિણામે તમે વૃદ્ધત્વની માનસિક અને શારીરિક અસરોને પણ ટાળી શકો છો.

૯ **વ્યાયામ કરવાનું ખોટું કારણ :**

વ્યાયામ કરવા પાછળ તમારો ઉદ્દેશ માત્ર વજન ઓછું કરવાનો હોય તો એ કારણ ખોટું છે. વ્યાયામનું મુખ્ય કારણ તો એ હોવું જોઈએ કે તમે પોતાના શરીરમાં સ્ફૂર્તિ અને થનગનાટ અનુભવો. બીજું તમારું શરીર હલનચલન કરતું રહશે તો સુખદાયક હૉર્મોન વધારે પેદા થશે. આ લાભ એવો છે કે આપણે કદીય છોડવો ન જોઈએ. તમે તમારા વધુપડતા મેદ વિશે બહુ વિચારીને અપરાધ ભાવ રાખતા હશો તો તમે વ્યાયામ દ્વારા મળતા આ લાભથી વંચિત થઈ જશો.

૧૦ **બહુ ગંભીર ન રહો :**

ઘડપણથી નિરુત્સાહની ભાવના વધી જાય એ ખરું છે પણ એવું બને છે કે તેમાં તમારો વાંક નથી, તો એની તમારા પર શા માટે અસર થવા દો? ઘડપણમાં માણસ વધારે ઘરડો એટલા માટે લાગે છે કે એ સૂનમૂન થઈ જાય છે. જાણે મૂઢ માર પડ્યો હોય. આ લાગણીમાંથી બહાર આવો. બધી વાતમાં ગંભીર ન થઈ જાઓ. તમારા પર ભલેને આખા દેશનો ભાર હોય તોપણ હંમેશ ચિંતામાં ડૂબ્યા રહો એવું પણ નથી હોતું. એટલે ગંભીરતાને દેશવટો આપી દો.

હંમેશાં આશાવાદી બનો. જીવનમાં આનંદ પર તાળું ન મારી દો. તમે જેટલા 'પોઝિટિવ' રહેશો તેટલા વધારે યુવાન રહેશો. ખડખડાટ હસવાની તક મળે ત્યારે માથે બે મણની ગંભીરતાનો ભાર ચડાવી લેશો તો તમે ઘડપણ તરફ જ જશો.

**ડૉ. સુબોધ નાણાવટી**

# સંતાકૂકડી

શ્યામ મને સંતાકૂકડી રમાડે છે,
ખખડે કદી મેડી કદી ડામચિયું હલાવે છે.
ઘર આખું શોધી ફર્યો બારી બારણા પાછળ જોયું,
ધક્કો સુદ્ધાં ખાઈ આવ્યો શેરી ના નાકા સુધી.
ધૂળ ચડેલી ચોપડિયો કબાટની બધી ફંફોસી કાઢી,
તસવીરો તારી બધી મનમોહક જોઈ નાખી.
ખૂણા ગોખલા ઘર આખાના તપાસ્યા,
પણ સરનામું તારું ક્યાંય પણ જડ્યું નહીં.
તને શોધ્યો મેં મહાલયોમાં દેવાલયોમાં,
ગામ આખામાં વાવડ તારા મળતા નથી.
મંગલા ભોજન શયન ની ટેવ છે તને જબરી,
રંક ને ત્યાં ક્યાંથી હોય રાયને ત્યાં ચોક્કસ મળીશ.
આવ બેસ મળવાની વાટાઘાટો કરિયે,
પણ શરત સાથે તું આજ સુધી કોઈને મળ્યો નથી.
હાર તોરા ઘણા કર્યા તાવીજ ભગવા પહેર્યાં,
જઈ ને જુદી જુદી પ્રખ્યાત ધર્મની દુકાનોમાં.
દાવો તો ઘણા હતા કરતા તારી સાથે મેળાપની,
આજ સુધી તારો મળવાનો સમય કોઈ ને મળ્યો નથી.
ભટકી રહ્યો છું બધે પગેરુ તારો શોધતો,
સગડ તારા પણ મને ક્યાંય જડતા નથી.
કંટાળી ગયો હોઈશ તુ બહુ વેશ ભજવી ને,

ક્યાંક તુ મારી સાથે પણ અભિનય કરતો નથી ?
મોહન ફસાયેલો છું લાગણીના વંટોળમાં,
મારા મોહનો હનન ક્યારે કરીશ?
કન્હૈયા હવાલે કરી દીધી છે નૈયા,
વહાણના સઢ ઘર તરફ તારા ક્યારે કરીશ ?
દુષ્ટોનો સંહાર કર્યો પૃથ્વી પર યુગે યુગે,
મારા દુર્ગુણોનો સર્વનાશ ક્યારે કરીશ ?
શ્યામ કદી બને રામ ક્યારે પરશુ ઉપાડે છે,

ઘરે કમંડલ કદી બની મોહિની લલચાવે છે,
દાંતે ઉપાડે ધરા કદી નહોર બતાવે છે,
વૈરાગીને બનાવે સંસારી જ્ઞાનિઓને મોહમાં નાખે છે.
યમુનામાં કૂદી પડ્યો કાલિય દમન માટે,
સંસારદહમાંથી મારો ઉદ્ધાર ક્યારે કરીશ ?
અટવાઈ ગયો છું હું સંબંધોના સમીકરણમાં,
સગપણ પાકું મારી સાથે ક્યારે કરીશ?
નથી છૂટતા સંબંધો બંધાયેલા આ દેહ સાથે,
આ મોહમાયામાંથી તું મને ક્યારે છૂટો કરીશ ?
આજ તારે ત્યાં છપ્પનભોગની ઝાંખી છે,
મને તો કોઈ ભોગમાં તુ દેખાતો નથી?
ખેલ બહુ ખેલ્યો નાગર વર નટની લીલામાં,
મનમાકડાને વૈરાગ્યના દોરડા પર ક્યારે નચાવીશ?
વ્રત જપ ઉપવાસ કીર્તન કર્યાં તારા નામનાં,
ફર્યો ચારેધામ કર્યો સમાગમ સંતોનો,
આંસુ સાર્યા ઘણા કથા વાર્તા સાંભળતાં,
જંપ રુદિયાને ગિરધર ક્યાંય મળ્યો નહી.
તુલસીદલ પંચામૃતનુ છે તને વળગણ
મારાં વ્યસનોનો અંત તું ક્યારે કરીશ?
અત્યાચાર ઘણા વધ્યા દુર્જનોના આ ધરતી પર,
અવતરીને ગીતાવચન તું પૂરું ક્યારે કરીશ?
દીધી ઘણાને સાંત્વના તે ખભે હાથમૂકીને,
હું રડું છું ક્યારનો મને બાથમાં ક્યારે લઈશ?
રાધા તો બેઠી મૂલાધારમાં વાટ જોતી તારી,
રાસ રચાવીશ ક્યારે તું મારા સહસ્ત્રારમાં ભારી ?
મોહિની લાગી તારી કેટલા સુરનર મુનિને,
ઘેલો થયો છું હું ગાંડો ક્યારે કરીશ?

**વિજયકુમાર નાગર 'નાકામ'**

માણસ જેવો માણસ ક્ષણમાં ધુમાડો થઇ જાય
એ કંઇ જેવી તેવી વાત નથી
ઘર ઘર રમતાં પળમાં કોઇ પૂર્વજ થઇ પૂજાય
એ કંઇ જેવી તેવી વાત નથી

– સંદીપ ભાટિયા

સ્વ. પર્યંક મહેતાની
સ્નેહસભર સ્મૃતિમાં
સ્થાનસમર્પિત

પંખી કાંઇ પડતું ના મૂકે
તાજી બે પાંખ છે તે ઉડવા ને બેસવામાં બહુ બહુ તો ડાળી બે ચૂકે

લ્હેરખીની આંગળીએ લ્હેરાતા પીંછાના ભણકારા માળામાં વાગે
આખું આકાશ છે તે નાની બે પાંખોમાં ભરતા તો વાર થોડી લાગે
રાધા પણ ક્યે છે કે વાંસળી વગાડતા ક્યાં શીખ્યા'તા શ્યામ એક ફૂંકે ?
પંખી કાંઇ પડતું ના મૂકે

ડાળેથી સપનું ઉડાન જો ભરે તો એની આસપાસ હોય એનું હેત
નાની બે પગલીની છાપ જો પડે તો એને સાચવે છે કાંઠાની રેત
કૂંપળને કક્કો ઘૂંટાવવાનો ઉત્સવ છે ઝાડ નહીં જંગલ પણ ઝૂકે
પંખી કાંઇ પડતું ના મૂકે

પાસ કે નપાસના બે ત્રાજવાથી કોઇનીયે કોશીશ કાંઇ ઓછી જોખાય?
ઉડવા માટે જો ક્યાંક ખૂલે બે પાંખ એને સાચું કહું ? દિલથી પોંખાય
વરસ્યા પહેલાં તો ઘણાં વાદળ બંધાય અને ઓચિંતી વીજ પણ ઝબુકે
પંખી કાંઇ પડતું ના મૂકે

કૃષ્ણ દવે

**BOOK POST**
**DROP**

From,
**Shree Vadnagara Nagar Mandal,** Mumbai
C/O Kamlesh S. Vohra ; 1502, Tulsibaug CHS, Ramdas Sutrale Marg,
Opp. ICICI Bank, Borivali (W), Mumbai 400092
email : vnmmumbai@yahoo.co.in • www.shrivadnagaranagar.org